ॐ શ્રી આસ્તિકાય નમઃ



ॐ

સતપંથ નિત્ય પ્રાર્થના પાઠ

ॐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ

સતપંથ – સ્વરૂપ

(૧) દૃઢ નિશ્ચય (૨) પ્રતિજ્ઞા (૩) નિયમ
(૧) દૃઢ નિશ્ચય :- (૧) સત્ય (૨) પુરુષાથ (૩) પ્રેમ (૪) સમાનભાવ (૫) અહિંસા
(૬) પરોપકાર (૭) ક્ષમા
ઉપરના તત્વોનું પાલન દૃઢ નિશ્ચયથી કરવું.
(અ) સત્ય : બોલવા અને આચરણમાં હંમેશા સત્ય અને નિષ્કપટ બુદ્ધિ અને મૃદુવાણીનું અવલંબન કરવું.
(આ) પુરુષાર્થ : ધર્મ,અર્થ,કામ અને મોક્ષ
(૧) ધર્મ : વેદોક્ત માર્ગનું પ્રેમથી આચરણ કરવું
(૨) અર્થ : જાત મહેનત અને પ્રમાણિકતાથી ધન મેળવવું. સ સાત્વિક સંપતિ કહેવાય, પણ અન્યાય,જુલમ કે ખોટા માર્ગે મેળવેલી સંપતિનો ઉપભોગ લેનાર માણસ હીન બને છે. તેથી ન્યાય અને નીતીના માર્ગે જ ધન મેળવવું.
(૩) કામ : વિષય સેવન કે ઈંદ્રિયોના ક્ષણિક ઉપયોગમાં ભેરવાઈ ન રહેવું. વાસનાઓ જીતી ઈંદ્રિયો ઉપર કાબૂ મેળવવો.
(૪) મોક્ષ : વેદ વિહિત મુકિત માર્ગની સાધના મુજબ વર્તન રાખી મુકિતનું અંતિમ ધ્યેય પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવું. એમ કરવામાં આવશે તો જ માનવજન્મ સાર્થક થશે. અન્યથા માનવ અને પશુમાં ફરક નહી રહે.
(ઈ) પ્રેમ : કોઈના પ્રત્યે દ્વેષ, તિરસ્કાર કે અદેખાઈ ન રાખતા, એકબીજા પ્રત્યે પ્રેમભાવથી રહેવું. દોષો તરફ ન જોતાં ગુણ ગ્રહણ કરી પ્રેમથી રહેવું.
(ઉ) સમાન ભાવ : આપણામાં અને બીજામાં રહેલો આત્મા એક જ છે એવી આત્મૌપજય બુદ્ધિ રાખવી. આપણે બધા એક જ ઈશ્વરના બાળકો છીએ. કોઈ નાનું મોટું નથી એ દ્રષ્ટિથી બધા સાથે બંધુત્વ ભાવથી રહેવું.
(એ) અહિંસા : સત્પંથ માર્ગમાં અહિંસા એ એક મહાન તત્વ છે. પશુ પક્ષી કે અન્ય પ્રાણીને મારવાથી જ હિંસા થાય છે તેમ જ “માર !”એટલું કહેવાથી કે લાગણી દુભાવવાથી પણ હિંસા થાય છે. એથી નૈતિક અધઃપતન થાય છે.
(ઐ) પરોપકાર : સન્માર્ગે જનારા પ્રત્યેકને મદદ આપવા હંમેશા તૈયાર રહેવુ શુદ્ધ બુદ્ધિથી અને નિષ્કામભાવથી દુઃખીજનોની સેવા કરવી અને દરેકના કલ્યાણની ભાવના રાખવી તેમજ સત્પુરૂષોની સેવા કરવી.
(ઔ) ક્ષમા : આપણને દુઃખ કે કષ્ટ આપનારને ક્ષમા આપવી એ આપણી ફરજ છે.
(૨) પ્રતિજ્ઞા :
(અ) સત્પંથની દરેક પ્રતિજ્ઞાનું પાલન કરવું.સદ્ગોર ઈમામશાહે વ્યવહાર કર્તવ્યપાલન,અને ધર્મકાર્યમાં કેવી રીતે આચરણ રાખવું તે સંબધે કરેલા નિયમોનું પાલન કરવું.
(આ) બાળકોને સત્પંથની શિખામણ આપવી : પોતાનાં સંતાનોને બાળપણથી જ ધર્મ શિક્ષણ પણ આપવામાં આવશે તો જ સંસ્કૃતિ ટકશે.
(ઈ) અંધશ્રદ્ધાનો ત્યાગ અને જ્ઞાન દ્રષ્ટિનું અવલંબન : અજ્ઞાન કે અંધશ્રદ્ધાથી રહેવામાં ખતરો છે. તેથી વેદ, ઉપનિષદો વગેરે સત્શાસ્ત્રો ઉપર તેમજ સદ્ગુરૂવચન ઉપર દૃઢશ્રદ્ધા અને નિષ્ઠા રાખવી.
(૩) નિયમ : (અ) શરીર શુદ્ધિ (આ) હ્રદય શુદ્ધિ (ઈ) વ્રત (ઈ) ઉપાસના (ઉ) ધ્યેય
(અ) શરીર શુદ્ધિ : લાઈસુતક (વુદ્ધિ-જનન શૌચ) સ્ત્રી,પ્રસુત થયા પછી તેણીએ સવા મહિનો એટલે ૪૦ દિવસ અને ગોત્રજોએ ૧૧ દિવસ સુધી સૂતક પાળવું. મરણ સૂતક, મરણ પ્રસંગે ગોત્રજોએ ૧૧ દિવસ સુધી સૂતક પાળવું. માસિક ધર્મ વખતે સ્ત્રીએ ૪ દિવસ સુધી કોઈને સ્પર્શ

કરવો નહિં. સ્નાન શૌચાદિ બાબતોમાં શાસ્ત્ર મુજબ વર્તવું અને સદ્‌ગુરૂ વચન મુજબ તીર્થમંત્રો પચારાદિથી શુદ્ધ થવું.

(આ) હ્યદય શુદ્ધિ : અમલી (કેફી) પદાર્થો એટલે લસણ, ડુંગળી, હિંગ, તમાકું, અફીણ, ગાંજો, ભાંગ, તાડી, માંસ-મદિરા વગેરે નિષેદ્ધ વસ્તુઓનો ત્યાગ કરવો. કારણ કે આ પદાર્થોના સેવનથી માણસને નુકસાન થાય છે અને પ્રભુ ભકિતથી પરાવૃત (દૂર) થવાય છે.

વ્યાજ, સવાઈ, વ્યાજ અને પરસ્ત્રીગમન – ચિંતનથી પણ મનુષ્યને હીનતા આવે છે. માણસ આત્મચિંતનથી દૂર રહે છે. અને આસુરી સંપતિ વધે છે. આ મહાપાપથી મનુષ્યનું અધઃપતન થાય છે, તેથી વેદમાં નિષેધ કરેલ વસ્તુઓનો ત્યાગ કરી સાત્વિક અન્ન પદાર્થોનું સેવન કરવું આથી હ્યદય શુદ્ધિ થાય છે. મન પ્રભુ ભકિતમાં તલ્લીન થાય છે. દૈવિ સંપતિ વધે છે.

(ઈ) વ્રત : યુગ ધર્મ મુજબ દરેક મહિનાની સુદી બીજનું વ્રત કરવું, તેમજ થાવર બીજનું મહાવ્રત કરવું. તેમજ દસવંત સૂક્રિત, પુણયતિથી, શ્રાદ્ધ, ઉતર કાર્ય,- પિંડ શ્રાદ્ધ વિગેરે બાબતો સતપંથ પૂજાવિધિ પ્રમાણે કરવી. મહાશિવરાત્રી, રામનવમી, ગોકૂળ અષ્ટમી, ગુરૂપૂર્ણિમા, નવરાત્રી, ગણેશચતુર્થી, દિવાળી, અગિયારસ, ચૌદસ, અમાસ એ તિથીનું વ્રત પાલન કરવું.

(ઈ) ઉપાસના : નિત્ય દિનમાં ચતુષ્ટ સંધ્યા કરવી.

(૧) પ્રભાતે - સૂર્યોદય પહેલાં

(૨) બપોરે - બાર વાગ્યે

(૩) સાંજે - સૂર્યાસ્ત સમયે

(૪) મધ્યરાત્રિ - મધ્યરાત્રિએ

પ્રણવ (ૐ કાર) મંત્રનું ધ્યાન ચિંતન કરવું અને સતપંથના વચનાનુસાર વરૂણદેવ– વારિયજ્ઞ ઘટપાટ પૂજા કરવી.

(ઉ) ધ્યેય : આજ કળિયુગના અંતિમ દશમા અવતાર આદ્ય વિષ્ણુ શ્રી નિષ્કલંકી નારાયણ તેમજ આદ્યશકિત માતાને તેમજ પ્રણવ મંત્ર "ૐ" ને ધ્યેય પુરૂષ માનવા.

સંક્ષિપ્ત પરિચય

સૂફિ સંત ઈમામશાહનો જન્મ સનં૧૪૪૦ માં પંજાબના ઉચ્ચ મુલતાનમાં થયો હતો. સંત ઈમામશાહ ચાર વર્ષની ઉમરમાં પાઠશાળામાં ગયા હતા અને માત્ર આઠ દિવસમાં જ સંપૂણ જ્ઞાન પ્રાપ્ત કર્યુ. પોતાની દિવ્ય શકિતથી માનવ કલ્યાણ એવમાં સતપંથ ધર્મનાં પ્રચાર માટે ૧૨ વર્ષની ઉમરમાં જ સંત ઈમામશાહ મહારાજ સમ્રગ ભારત ભ્રમણ કરવા નિકળી પડયા હતા અને તે દરમ્યાન પોતાની દિવ્ય શકિતથી બધી જ જાતિ અને સંપ્રદાયનાં લોકોને ઊપદેશ આપ્યો, તેમના સાથીદાર અને સારથી હાજરબેગ (ચંદનવીર) હતા.જેઓ હંમેશા તેમની સાથે રહેતા તેથી તેમનું નામ હાજરબેગ પડયું.તેમની ઉમ્ર ૪૦ વર્ષની હતી. ભારત ભ્રમણ પછી સંત ઈમામશાહ મહારાજ ગુજરાત આવ્યા.શ્રી કૃષ્ણ ભગવાનનાં દ્વાપરયુગમાં અંતિમ સમયમાં "કુંવારિકા ભુમિ" નું નિમાર્ણ કર્યુ હતું તેજ સ્થાન પર સૂફિ સંત ઈમામશાહ મહારાજએ ભારત વર્ષમાં વૈદિક સતપંથ સનાતન ધર્મનો પ્રચાર કરતા કરતા અંતમાં પીરાણા સ્થળ ઊપર સતપંથ પ્રેરણાપીઠની સ્થાપના કરી.સદાંગુરૂ ઈમામશાહ મહારાજએ અસંખ્ય દુઃખી જીવાત્માઓનાં દુઃખ દુર કર્યા.આંધળાને આંખો, ગુંગાને વાણી, બહેરાને શ્રવણ શકિત, નિસંતાનને સંતાન સુખ તથા મૃત લોકોને જીવનદાન પણ આપ્યું હતું.સૂફી સંત ઈમામશાહ મહારાજએ પોતાની પીઠ (પ્રેરણાપીઠ) ની ગાદીનાં વારસદાર તરીકે સર્વ પ્રથમ શાણાકાકાની નિયુકિત કરી હતી.તેઓ હિન્દુ જાતિનાં પાટીદાર કુળનાં હતા. આજ પરંપરાને આગળ વધારતા વર્તમાનમાં ૨૩માં ગાદિપતિ પરમ પૂજ્ય નાનકદાસ મહારાજ છે.

જેની આગળનાં ગાદિપતિ જગદાંગુરૂ શ્રી કરસનદાસજી મહારાજ હતા. તેમના સમયકાળમાં પ્રેરણાપીઠનો સારો એવો વિકાસ થયો છે.

સતપંથ ધર્મ શું છે.

સર્વધર્મ નું મૂળ સત્ય પર આધારિત છે, આ અદ્વિતીય સત્ય છે. જે રીતે એક નાનુ બીજ મોટા વૃક્ષનો આધાર છે તેજ પ્રકારે સુક્ષ્મ મહાન સત્ય(આત્મા)ને ઓળખવાનાં માર્ગને સૂફી સંત ઈમામશાહ મહારાજએ "સતપંથ" નામ આપ્યુ છે. ૐ (ઓમ) પ્રણવ બ્રહ્મનું સ્મરણ કરવાની સાથે જયોતિ સ્વરૂપ પરબ્રહ્મનું ધ્યાન કરવાનું સતપંથ ધર્મમાં બતાવ્યું છે.સૂફી સંત ઈમામશાહ મહારાજએ માનવ જીવનનો અંતિમ ધ્યેય મોક્ષ પ્રાપ્તિ બતાવ્યો છે.મોક્ષની વ્યાખ્યા સૂફી સંતએ ભકતોને માત્ર સોળ સરળ શબ્દો "કલિતારક મંત્ર" તરીકે નીચે મુજબ કરી છે. "ૐ શ્રી નિષ્કલંકીનારાયણાય નમો નમઃ" ઉપરોકત મંત્રનો જાપ અને ચિંતન કરવાથી જીવાત્માને સંસારની મોહમાયાથી છૂટકારો આપી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.સૂફી સંત ઈમામશાહ મહારાજએ "મૂળબંધ ગ્રંથ" માં તત્વ દર્શનની રચના કરી હતી.જેમા મનચિન્તામણી, મનચિતવરણી, યોગવાણી, ગુરૂવાણી, આગમવાણી, અમૃતવાણી, શિક્ષાપત્રી, કુંભકળશ, વારિયજ્ઞનું તત્વજ્ઞાન તથા આત્મજ્ઞાનનો સમાવેશ કર્યો છે.સૂફી સંતએ વારિયજ્ઞમાં નવ અવતારોને વંદન તથા દશમા અવતાર શ્રી નિષ્કલંકી નારાયણની પૂજા કરવાનો આદેશ આપ્યો છે. જેમા પાંચ દેવ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શકિતમાતા તથા આદિ નારાયણનું પૂજન કરવામાં આવે છે. શિક્ષાપત્રી માં સો ક્રિયાઓનું પાલન કરવાનું બતાવ્યુ છે. જેમા ભૂખ્યાને અન્ન,તરસ્યાને પાણી વસ્ત્રહીનને વસ્ત્ર આપવું,લીલુ ઝાડ ન કાપવું,પશુ લઈને ન વેચવું,પરગમન ન કરવું,જીવમાત્ર પર દયા રાખવી,અવગુણ કરવાવાળા પર દયા કરવી.ક્ષમા માંગો તથા ક્ષમા આપો વગેરે.સૂફી સંત ઈમામશાહ મહારાજએ પોતે પોતાનું કર્મફળ પૂર્ણ કરીને અંતિમ સમયે પોતાના પાંચ ખાસ શિષ્યોને બોલાવ્યા જેમા (૧) હાજરબેગ (પીરાણા) (૨) નાયાકાકા મહારાજ (કુકસ) (૩) ભાભારામ મહારાજ (દેવાગામ) (૪) સાધ્વી કીકીબાઈ (ઋણગામ) (૫) શાણાકાકા (પીરાણા). સ શિષ્યોને આદેશ આપ્યો કે તમે બધા જયોતિપાત્રમાં જયોત રાખો જે તેમણે પોતાની યોગ શકિતથી જાતે પ્રજવલિત કરી હતી તે "અખંડ દિવ્ય જયોત" નામથી ઓળખાય છે.સૂફી સંતઈમામશાહએ પોતાની બધી જ દિવ્ય શકિત જયોતિ સ્વરૂપે પ્રજવલિત કરી પોતે સમાધિષ્ટ થયા. આ અખંડ જયોતનાં દર્શન કરી શ્રધ્ધાળુ ધન્ય થઈ રહયા છે. અને આ અખંડ જયોત સામે ધ્યાન ધરીને પરબ્રહ્મમાં લીન થાય છે. ત્યાં બેડી પહેરવાની પણ એક માન્યતા ચાલી આવે છે. જેની મનોકામનાપૂર્ણ થવાની હોય તો બેડી આપોઆપ બે ડગલાં ચાલતા ખૂલી જાય છેં.સૂફી સંત ઈમામશાહ મહારાજએ વચન આપ્યુ છે કે સફેદ ધજા,નિષ્કલંકીનારાયણ ભગવાનનું સિહાસન,ચાંદીની પાદુકા,કુંભકળશ,વારિયજ્ઞ,અખંડ જયોત અનંતકાળ સુધી રહેશે.સૂફી સંતે ચાર વેદની ગાયત્રી તથા પાંચમી મોક્ષ માર્ગની ગાયત્રીનો ઊપદેશ આપ્યો છે. જે નીચે પ્રમાણે છે. (૧) ઋગ્વેદ (૨) યર્જુવેદ (૩) સામવેદ (૪) અર્થવવેદ.

યુગ ધર્મ અને યુગ ગુરૂ

જે ધર્મના લીધે સમાજનું ધારણ પોષણ થાય છે તે ધર્મ નિષ્તેજ અને ક્ષીણ થાય અને અધર્મ જોર પકડે માનવ જાતિની અધોગતિ થઈ સૃષ્ટિચક્ર બગડવા લાગે ત્યારે એ ચક્ર વ્યવસ્થિત કરવા અને સમાજની બગડેલી ગતિ ઠીક કરવા માટે ઈશ્વરનો અવતાર થતો હોય છે.ધર્મ વિરાધક તત્વોનો સંહાર. સજ્જનોનું રક્ષણ અને ધર્મના મૂળ તત્વો સનાતન અને કદાપિ ન બદલવાના હોય છે તો પણ ધર્મના આચારરૂપી બાહ્યંગ પરિસ્તિતીમુજબ બદલાય છે આથી જે તે યુગમાં ભગવાન પ્રગટ થાય છે.ત્યારે તે સમયને અનુકુળ હોય એવા ધર્મની સ્થાપના કરે છે.મત્સ્ય કુર્મ વગેરે દસ અવતારોનું ધર્મ સ્થાપનાનું સ્વરૂપ અંતરંગમાં એકજ હોવા છતાં બહારથી જુદુ દેખાય તેનું કારણ યુગધર્મ છે. યુગે યુગે એનો અર્થ દરેક યુગમાં એવો થાય છે, પણ ઈશ્વરના અવતાર એકજ

યુગમાં અનેકવાર થાય છે અને જે તે સમયને અનુરૂપ એવો અવતાર તે ધારણ કરે છે તેજ પ્રમાણે સદગુરૂ પણ હોય છે.ઈશ્વરના અવતાર પહેલા સદગુરૂ સત્યનો માર્ગ દોરી આપે છે.સત્યયુગમાં ઈશ્વરના ચાર અવતાર થયા તે વખતે "સદગુરૂ બ્રહ્મા" સદગુરૂ હતા, તેમણે ઈશ્વરને જાણવા માટે દરેક અવતારના પહેલા સદધર્મનુ સ્થાપન કર્યુ.પણ જેમણે તે યુગધર્મ માન્યો નહી એવા દૈત્ય શંખાસુર,મધુકૈટભ,મોરદાનવ,હિરણ્યક્ષ-હિરણ્યકશિપુ આદિ ધર્મને ક્ષીણ કરવા લાગ્યા,ષડવિકારોને આધિન થઈ અધર્માચરણ કરવા લાગ્યા,સાધુ સંતોને રંજાડવા લાગ્યા ત્યારે પૃથ્વી ઉપરનો ભાર દુર કરવા માટે ઈશ્વરને મત્સય,કુર્મ,વરાહ અને નૃસિંહએ અવતાર ધારણ કરવા પડયા, આ અવતારોએ દૈત્યનો સંહાર કરી ધર્મ સુવ્યવસ્થિત કર્યો. ત્યાર પછી ત્રેતાયુગમાં બલી સહસ્ત્રાર્જુન,રાવણ વગેરે રાક્ષસોના સંહાર માટે ઈશ્વરે વામન,પરશુરામ,શ્રીરામ એવા અવતાર લીધા તે વખતે બ્રહ્મર્ષિ વસિષ્ઠ યુગગુરૂ હતા.તેમણે દોરી આપેલા યુગધર્મને ઉપરના દૈત્યોએ ગણકાર્યો નહી તેથી ઈશ્વરને ત્રણ અવતારો લેવા પડયા.તેજ પ્રમાણે દ્વાપર યુગમાં સદગુરૂ પદ વેદમૂર્તિ વ્યાસ પાસે હતું.તેમણે સ્થાપન કરેલા ધર્મને કંસ દુર્યોધન વગેરે કૌરવોએ નહી માનવાથી તેમના સંહાર માટે ઈશ્વરે શ્રીકૃષ્ણ અને બુદ્ધ એ રીતે અવતાર ધારણ કર્યા. હ્યાલ કળીયુગમાં એ યુગપુરૂષનું પદ સદગુરૂ ઈમામશાહને પ્રાપ્ત થયું છે.ઈશ્વરી અવતારની જાણ કરી આપવા માટે તેમણે સદ ધર્મની સ્થાપના કરી છે. તેમણે સ્થાપન કરેલા યુગધર્મમાં અનેક મહત્વની બાબતોનો સમાવેશ કરેલ છે.સત્ય,ત્રેતા અને દ્વાપર યુગમાં ભકતોનો ઉદ્ધાર દુષ્ટોનો સંહાર અને ધર્મની સ્થાપના કરવા માટે ઈશ્વરના નવ અવતારો થયા.હાલ કળિયુગમાં દશમો અવતાર થવાનો છે પણ તેનો પવન કલીયુગની શરૂઆતથી જ જણાવા લાગ્યો છે.સૂર્યોદય પહેલા પ્રભા ખીલી સંધી પ્રકાશ દેખાય છે તે પ્રમાણે આ પછી જે અવતાર થવાનો છે તેના ઉદય પહેલા સંધી પ્રકાશ દેખાવા લાગ્યો છે અને તેથી સદગુરૂ ઈમામશાહ કહે છે કે "ઉગ્યા તેને વંદિયે | માનો તેની આણ | આજ સ્વામીને ઓળખી | તેના કરો વખાણ |" જે સમયમાં જે અવતારની સ્થાપના થઈ હોય તે સમયમાં તે અવતારને જ માનવો જોઈએ,નહી તો સૃષ્ટિ નિયમનો ભંગ થઈ તેના માટે આપણને દુઃખ સોસવું પડશે.એમ નહી હોત તો ઈશ્વરને જુદા જુદા અવતાર લેવાનું શું કારણ હતું ? તેથી હવે થનાર અવતાર સંબધી આપણે જાણવું જોઈએ તેને નમવું જોઈએ.સદગુરૂ ઈમામશાહ કહે છે.દસહિ અવતાર એક કરી સેવો,પાત્ર દુજા મત જાણો રે. | જેણે નહિ માન્યા તેણે સબ કુછ ખોયા તેને ચમકા ફાસારે |.આમ આ દસે અવતાર એક જ છે એમ માની અદ્વૈત ભાવથી ભજનારને ભકિતનો લાભ થશે.તેમને નહી માનનારે જાણે સર્વસ્વ ગુમાવ્યું એમ સમજવું.આ રીતે દશે અવતારોને માનવું જોઈએ. પણ જે નવ અવતાર થઈ ગયા તેમનો અધિકાર નષ્ટ થયો છે તેથી આજે જેમને એ અધિકાર સુપ્રત થયેલો છે એવા દસમાં "નિષ્કલંકી અવતાર" ને જ આપણે ઓળખી તેમની ભકિત કરવી જોઈએ એમ ઈમામશાહએ કહ્યું છે. આ પછી થનારા નિષ્કલંકી અવતાર સંબધી આગમજ્ઞાનનું કથન તેમણે કર્યુ છે. તે આગમ "શ્રી દસ અવતાર" નામનાં ગ્રંથમાં છે.સદગુરૂ ઈમામશાહએ "વિરાટ સ્વરૂપ" નામનાં ગ્રંથમાં કહ્યું છે કે જે માણસ જે જે દેવતાની સ્થિરમનથી ભકિત કરશે તે માણસ અંતકાળ સમયે તે તે દેવતાઓના સ્થાને જાય છે. ત્યાં તે કંઈપણ નવું કાર્ય કરી શકતો નથી, માત્ર મૃત્યુલોકમાં કરેલા પુણ્યકર્મોનો ઉપભોગ લે છે અને એ પુણ્ય ખલાસ થયા પછી માત્ર પાપકર્મો જ તેની પાસે બાકી રહે છે. તે સંચિતથી જીવાત્મા મૃત્યુલોકમાં હલકી યોનીમાં જન્મ લઈ પાપકર્મોના ફળ ભોગવે છે.પણ મૃત્યુલોક એ કર્મભુમિ હોવાથી તે અહી પાપ અને પુણ્ય એમ બંને પ્રકારના કર્મો કરી શકે છે. અને તેના સંચિતમાં ઉમેરો થતો જાય છે.તેમા જો તે જીવ એકાદ ક્ષુદ્ર દેવતાની ઉપાસના કરવા લાગે તો ફરીથી ઉપર મુજબ તેનું ચક્ર શરૂ થાય છે અને તે ચક્ર ચોર્યાસી લાખ ફેરા પુરા થતા સુધી થોભતું નથી.તેથી સદગુરૂએ કહ્યું છે કે "હે મનુષ્ય તું આ બધી નિકુષ્ટ દેવ દેવતાઓ છોડી દે અને બધાનું આદિ કારણ મૂળ પરબ્રહ્મ પરમજયોતિસ્વરૂપ પરમેશ્વરનું એકલાનુંજ સતત અને દ્રઢનિશ્ચયથી જીદંગીસુધી પ્રેમથી સ્મરણ કર,તેનીજ ભકિત કરી મુકિતનો અધિકારી થા.ૐ એ એકજ અક્ષર બ્રહ્મ સૃષ્ટી નિમાર્ણ થતા પહેલા એકમાત્ર પરમાત્મા હતો એ સિવાય બીજુ કઈ પણ નહોતું.એ

પરમાત્માએ નિશ્ચય કરી આ જગત નિર્માણ કરવાનો નિશ્ચય કર્યો. ઈચ્છા કરી.હું બહુ પ્રકારે બનું એવી ઈચ્છા સબળ બ્રહ્મને થઈ.તૈતિરીય ઉપનિષદ (૨-૬) વિગેરે અનેક ઉપનિષદોમાં સૃષ્ટિ નિર્માણ થવાના આજ કારણો આપ્યા છે.ઐતરેયોપનિષદમાં સૃષ્ટિ નિમાર્ણની મૂળ હકીકત આપેલી છે.તેમજ સૃષ્ટીની રચના શી રીતે થઈ એ વિશે સદ્દગુરૂ ઈમામશાહે પણ “નિકલંકી ગીતા,યોગવાણી,વિરાટ સ્વરૂપ,મૂળબંધ અથવા જડબંધ એ ગ્રંથોમાં વિગતવાર ચોખવટ કરી છે. તેમાં તેમણે પ્રથમ અનંત કલ્પો પૂર્વેની હકિકતનું વર્ણન કર્યુ છે તે વખતે આખુંય વાતાવરણ નીલવર્ણ ધધુંકારથી વ્યાપેલું હતું ત્યાં પૃથ્વી નહોતી તેમજ જમીન પાણી આકાશ,સૂર્ય,ચંદ્ર તારા મંડળ વગેરે કશું જ નહોતું.બધેય નીલવર્ણ પસરેલો હતો તે વખતે પરમેશ્વર સાક્ષાત નિરાકાર બ્રહ્મ ૐ કાર સ્વરૂપ મહાનિમર્ળ અને શાંત અને મહાન તેજોમય જયોતિસ્વરૂપથી સ્થિર હતા. તેમની પહેલાં શું હતું તે કોઇ પણ જાણી શકતું ન હતું.માત્ર તે વિકારાતીત બ્રહ્મ અનંત કલ્પ અનંત યુગો સુધી યોગનિદ્રિત-ધ્યાનસ્થ હતું.તેણે પોતાના મનમાં સંકલ્પ કરી ચતુર્મુખ બ્રહ્મદેવને ઉત્પન્ન કર્યા પૂણ બ્રહ્મદેવને પણ અનંત કલ્પો સુધી કશી જ ખબર ન પડવાથી તે ગુંચવાડામાં પડયા તેમણે આંખો મીચી ધ્યાન ધર્યુ ત્યારે ઈશ્વરના તેમને દર્શન થયા.તેથી તેમને આત્મજ્ઞાન થયું.ત્યારે પરમાત્માએ બ્રહ્મદેવને સૃષ્ટિ નિર્માણ કરવા કહ્યું. પણ તે વખતે ચોતરફ ઘોર અંધકાર હોવાથી બ્રહ્મદેવે પ્રકાશની માંગણી કરી.તેમણે કહ્યુ પ્રકાશ સિવાય બધી રચના મિથ્યા અને નિરર્થક થશે.પરમેશ્વરે કહ્યુ કે પકાશ માટે તું મારી સ્તુતિ કર. એ મેળવવા માટે આ જ એકજ ઉપાય છે.બ્રહ્મદેવે કહ્યુ હે પરબ્રહ્મ પરમેશ્વર, તું નિરંજન નિરાકાર છે. તને કશી જ ઉપમા આપી શકાય તેમ નથી તેથી નિરૂપમ નિરૂપાધિક એવી તારી સ્તુતિ હું શી રીતે કરૂં ? આવા સંકલ્પ વિકલ્પમાં બ્રહ્મદેવ હતા. તે જોઈ પરમેશ્વર બોલ્યા (બુદ્ધિમા જ્ઞાનરૂપી આનંદ આવે એટલે એજ બ્રહ્મ) એનું વર્ણન એજ મારી સ્તુતિ અથવા ગુણગાન છે. બ્રહ્મદેવે આ મહાવાકયનું યથા શકિત વર્ણન કરવાથી તે ઘોર અંધકારમાં અજવાળું આવ્યું.એટલે ત્યાં રકતવર્ણ લાલ પ્રકાશ થયો તેથી આ સ્તવનનું નામ ઋગ્વેદ પડયું. સ લાલ પ્રકાશમાં જરાપણ પ્રકાશ નહોતો કે જેમાં સૃષ્ટિનો કાર્યક્રમ ચાલુ રહે. તેથી બ્રહ્મદેવની પ્રકાશ સંબંધેની ઈચ્છા અશાંત રહી એટલે ઈશ્વરે તેને ફરીથી કહ્યુ (હું બ્રહ્મ છું) આ વાકયનું વર્ણન કરવાથી વાતાવરણમાં વિશાળ (યજુરતા) દેખાય.આમ રંગ બદલવાથી પ્રથમના લાલ રંગ કરતા આ વિશાળપણાથી પ્રકાશની છટા વધી તેથી એ સ્તવન નું નામ યજુર્વેદ પડયું.

આ પીળાશ જેવા પ્રકાશમાં જોઈએ તેટલું અજવાળું નહી હોવાથી બ્રહ્મદેવની ઈચ્છા અર્પૂણ રહી તેથી તેમણે પ્રકાશ માટે ફરીથી ઈશ્વર પાસે પ્રાર્થના કરી ઇશ્વરે (તે બ્રહ્મ તું છે) એ મહા વાકયનું વર્ણન કરવા આજ્ઞા આપી.બ્રહ્મદેવ તત્વમસીનું યથાશકિત વર્ણન કર્યુ તેના લીધે પ્રથમ કરતા આ પ્રકાશ વિશેષ અંશથી દેખાવા લાગ્યો આ વર્ણનનું નામ સામવેદ પડયું. બ્રહ્મદેવે પૂર્ણ પ્રકાશની અભિલાષા ઈશ્વર આગળ વ્યકત કરી.બ્રહ્મદેવને સંતાષિત કરવા ઈશ્વરે (આત્મા એજ બ્રહ્મ છે) આ મહાન વાકયનું વર્ણન કરવા કહ્યું.એ પ્રમાણે કરતા જ વાતાવરણમાં બધેય પ્રકાશ જ પ્રકાશ દેખાવા લાગ્યો. તેથી આ વર્ણનને અથર્વવેદ એવું નામ પડયું.આ પ્રમાણે ચારે વેદોની ઉત્પતિ થઇ એવું પ્રાચીન સાહિત્ય ઉપરથી દેખાય છે.વેદ ઉત્પતિના આ ચારે પ્રકારના રંગ હાલ સુધી સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે દેખાય છે અને મહાપ્રલય સુધી તે જ પ્રમાણે દેખાયા કરશે.ત્યાર પછી ઈશ્વરે પોતાની યોગમાયાથી બ્રહ્મદેવને સૃષ્ટિની રચના કરવા કહ્યું, અને બોલ્યા જગતમાં તુ સદ્દગુરૂ રૂપે છે તને જાણ્યા સિવાય કોઈપણ ભકતને મારા અવ્યકત સ્વરૂપનો સાક્ષાત્કાર થશે નહી. સમ બોલી ભગવાન અંતર્ધાન થયા.પછી બ્રહ્મદેવે કેટલાય યુગોસુધી તપશ્ચર્યા કરી અને પછી સૃષ્ટિની રચના કરવા શરૂઆત કરી.એ રચના તોતેર યુગો સુધી ચાલી ત્યારે સૃષ્ટિમાં ચોર્યાસી લક્ષ જીવ યોની નિમાર્ણ થયું.આમ સૃષ્ટિ રચનાની વિગતવાર હકિકત સદ્દગુરૂ ઈમામશાહે ઉપરના ગ્રંથોમાં કથન કરી છે.આથી તેમનું નિગમજ્ઞાન કેટલું પ્રખર હતું તે દેખાય આવે છે.સૃષ્ટિના અનાદિકાળથી બ્રહ્માંડની ઉત્પતિ,ચંદ્ર,સૂર્ય,તારા,ગ્રહ,સપ્તપાતાળ,મુત્યુલોક,સ્વર્ગલોક,ઉધ્વલોક વૈકુંઠધામ વિગેરેની ઉત્પતિ શી રીતે થઈ અને એ દરેક ઠેકાણે ક ઈકઇ વસ્તી છે, ત્યાંના પ્રાણી

કેવા છે,તેમના આચાર વિચાર કેવા છે,મુત્યુલોકના કયા જીવાત્માઓ તે ઠેકાણે જાય છે વગેરે બધી માહિતી તેમણે જાણી લખી રાખી છે.જે રીતે સદ્દાગુરૂએ નિગમ (અનાદિકાળથી) પ્રાચીન હકિકત કહી છે તેજ પ્રમાણે તેમણે હાલ ચાલુ છે તે કળીયુગમાં હવે પછી શું થશે તે આગમ માહિતી પણ આપી છે.

આગમ વાણિ

આ કળિયુગમાં અધર્મ શી રીતે ફેલાશે તે સંબધનું વર્ણન નીચે મુજબ કર્યુ છે.પાપ,કલહ,હિંસા,વિશ્વાસઘાત, વગેરે બધા અનર્થો દુનિયામાં ચોમેર ફેલાશે.બ્રાહ્મણક્ષત્રીય વૈશ્ય શૂદ્ર એ ચાર વર્ણોમાં એકાકાર થશે અને લોકો દુઃખી થશે.પોતાના કુળના આચારો છોડી આચારભ્રષ્ટ અને શીલભ્રષ્ટ થશે.મનુષ્યની માનવતા,શુદ્ધ આચારવિચાર વગેરે નષ્ટ થશે અને લોકો ક્રિયાભ્રષ્ટ થશે.કર્મકાંડી કહેવડાવનારા લોકો ધર્માચરણ છોડી ધર્મની અને ભકતોની નિંદા અવગણના કરશે.જુદી જુદી જાતોમાં એકંકાર થશે વિવાહ વિગેરેના મંગલવિધિમાં ભંગાણ પડશે અને તે નાશ પામશે.સતી,પતિવ્રતા,કુળવાન અને શીલવાન સ્ત્રિયોક્રિયા ભ્રષ્ટ અને શીલભ્રષ્ટ થશે.રાજાઓ પ્રજાને રંજાડશે.પ્રજા પણ તેવી જ થશે.યતિ સાધુ વિગેરે પણ પોતાના કર્મો છોડી અધર્મી,કામી અને ક્રોધી થશે.પિતાકન્યા,માતા-પુત્ર અથવા કન્યાનો આચાર સાસુ-સસરા સાથે જમાઈનો આચાર એ બધું વિપરીતપણે થશે અને દુનિયામાં સર્વત્ર પાપાચરણ થશે.આવા પાપાચરણથી વાતાવરણમાં ફેરફાર થઈ કાળચક્ર બદલાશે એટલે અકાળે વર્ષા થશે.અગર દુકાળ પડશે, અનાજ ઓછું પાકશે.વૃક્ષને સારા ફળો આવશે નહી,તે ફળફુલ વિહોણા થશે.અનાજ અને ફળમાના રસકસ નિકળી જશે,અને સત્વ વગરનું અનાજ ખાવા મળશે,તેથી લોકો માંસાહારી,વ્યસની,દુષ્ટ,અન્યાયી,નિર્બળ નિસ્તેજ અને ક્રોધી બનશે.અનાચાર વધશે,તીર્થસ્થળોનું મહત્વ ઘટશે,રિદ્ધી સિદ્ધી વગેરે થંભી જશે.સમુદ્ર,નદી,તળાવના પાણી સુકાઈ જશે.સૂર્યની ઉષ્ણતા વધશે,મોટા મોટા ગામો ઉજ્જડ થશે,ધરતીકંપ થશે,આગો લાગશે,ચેપીરોગો ફાટી નીકળશે.આ રીતે કાળચક્રમાં ફેરફાર થશે.એમા પણ ભારત દેશના ઉતરે આવેલ ચીન દેશમા કાલિંગા નામનો રાક્ષસ અવતરશે.તપશ્ચર્યાના જોરે તે રાવણ જેવો પ્રબળ પ્રમત ક્રૂર ઢોંગી અને બેઈમાન થશે.એમના પોતાન હાથ નીચેના મુખ્ય મુખ્ય શિષ્યોને તે દેશ વિદેશ મોકલી પોતાનું મહત્વ વર્ણવાનું કહેશે.એ શિષ્યો અનેક ખટપટો કરી,ચમત્કાર કરી બતાવશે.લોકોને તે કહેશે કે અમો તીર્થવાસી છીએ બધા તીર્થોના મહિમા અમારી પાસે છે.પાણી મંતરી તેનું ઘી કરી બતાવશે.લાકડાના ઘોડાને ઘાંસ ચખાડશે.કાલીગોં દૈત્ય પોતે અધ્રંગી આસન ઉપર બેસશે.સાત પેઢીના મા બાપ દેખાડશે.લોકોની મનોકામનાઓ પૂરી કરશે,નદીમાં કેનાલો ખોદી પાણી વહેવડાવશે.નદીના પાત્ર પલટાવશે.દાનવોને દેવ ગણશે.અત્યાચારી બની સજ્જનોનું પાવિત્ર્ય બગાડશે. આ રીતે લોકોને પોતાની માયાજાળમાં ફસાવી પોતાની સતા પ્રસ્થાપિત કરશે. સાચા ભકતો માટે આ કસોટીરૂપ છે. પોતાનું ઈમાન કાયમ રાખી જે દૃઢ નિશ્ચયથી પરમેશ્વરનું નિકલંકી નારાયણનું ભજન શરૂ કરશે,નામસ્મરણ છોડશે નહી તેજ રાક્ષસોથી અલિપ્ત રહેશે અને સાચો ભકત કહેવડાવશે આવા ભકતોને દુષ્ટ લોકો પજવ્યા વગર રહેશે નહી વિગેરે આગમજ્ઞાન સદાગુરૂ ઈમામશાહે વર્ણવ્યું છે.પૃથ્વી ઉપર પાપનો ભાર વધશે તે ઉતારવા માટે કે હલકો કરવા માટે ઈશ્વરને અવતાર લેવો પડશે.પંચનદી મૂળસ્થાન ઉપર દેવ દાનવની એટલે નિકલંક નારાયણ અને કાલીગા રાક્ષસ વચ્ચે લડાઈ થઈ ઈશ્વર દાનવને મારી નાંખી પૃથ્વી ઉપરનો પાપનો ભાર દૂર કરશે અને ચીન દેશનો જલપ્રલય થવા માટે સમુદ્રમાં ડુબાડશે. "આગમવાણી"નામના ગ્રંથમાં સદાગુરૂએ આ પ્રમાણે જણાવ્યુ છે.આ ઉપરથી આપણને તેમના અગાધ આગમ જ્ઞાનનો ખ્યાલ આવી શકશે.આ સતપંથ યુગેયુગથી ચાલતો આવેલો છે તે આજ કાલનો નથી પણ અનાદિ કાલથી ચાલતો આવ્યો છે.સનાતન છે અને તેજ સત્માર્ગ સદાગુરૂએ આપણને બતાવ્યો છે.ઈમામશાહે બતાવેલા સતાપંથમાં મોટે ભાગે સત્યનો જ સમાવેશ છે.પરબ્રહ્મના આ સત્યસ્વરૂપને જ ઈમામશાહે "સતા" નામ આપ્યું છે. આ સતાને ઓળખવાનો જે માર્ગ તેજ સતાપંથ છે.

કળશપૂજા અને યુગધર્મ

કૃત,ત્રેતા,દ્રાપર અને કલિયુગમાં ધર્મનું સ્વરૂપ જે તે યુગ ધર્મ પ્રમાણે જુદુ જુદુ હોય છે. આ ઉકિતમુજબ સદાગુરૂ ઈમામશાહે ચતુર્યુગનો જે યુગધર્મ બતાવ્યો છે તે ટૂંકમાં નીચે પ્રમાણે છે.કૃતયુગમાં ઋગ્વેદ પ્રધાન હોવાથી તમામ ધર્માચાર ઋગ્વેદ મુજબ થતા ઋગ્વેદનો વર્ણ લાલ છે તે વખતે ઉતર દીશા મહત્વની માનવામાં આવતી હતી તેથી લોકો ઉતર તરફ મોઢું રાખી ઋગ્વેદી ગાયત્રી મંત્રનો જાપ કરતા.કૃત યુગમાં સદાગુરૂ બ્રહ્મદેવ સૃષ્ટિગુરૂ હતા અને ભકત પ્રહ્લાદ હતો.સુવર્ણનો પાટ એટલે કે સિહાસન સ્થાપન કરી તેના ઉપર સુવર્ણ કલશ મુકવામાં આવતો અને ઋગ્વેદી મંત્રમુજબ ઘટપાટ પૂજા અને યજ્ઞવિધિ કરતા.સતપંથમાં આ ઘટપાટ પૂજા વિધીનો ખાસ કરીને સમવેશ છે.કારણ ઘટને ઠેકાણે બધા દેવીદેવતાઓનો વાસ છે.કલશ સ્થાપનના મંત્રમાં કહ્યું છે કે “કલશના મુખસ્થાને વિષ્ણુ,કંઠસ્થાને શિવ,મૂલસ્થાને બ્રહ્મદેવ છે.મધ્યભાગે માતૃગણ રહેલા છે.તેમની કુકમાં એટલે અંદર સપ્તસમુદ્ર સપૃદ્રિપોસહ પૃથ્વી,ઋગ્વેદ,યજુર્વેદ,સામવેદ,અથર્વવેદ પોતપોતાના અંગોસહ રહેલા છે.અહી શાંતિ અને પુષ્ટિદાયક ગાયત્રી સાવિત્રી તે પાપનાશક દેવતા પૂજા માટે આવે છે.ગંગા,યમુના,ગોદાવરી,સરસ્વતિ,નર્મદા,સિંધુ,કાવેરી આ જળમાં આવી સ્થિત રહે.વરૂણને નમસ્કાર હો.ગંધાક્ષતા સુંગધી ફૂલો એમને અર્પણ કરૂં છું એમ કહી ફૂલો કલશને ચડાવવા.અંદરનું જળ તુળસીપત્રથી અથવા આચમનીથી પૂજા સાહિત્ય ઉપર છાટવું.આ પ્રમાણે કલશપૂજા એટલે વરૂણદેવની સ્થાપના કરી લોકો જયોતિ સ્વરૂપનું ધ્યાન કરતા અને તે વખતે શરીરમાં વાયુતત્વનો ભાગ વધુ પ્રમાણમાં હોવાથી લોકો મૃતદેહને જંગલમાં છોડી દેતા તેથી એ વાયુતત્વમય દેહ વાયુમાં વિલીન થતો.એ શરીરની જરાપણ દુર્ગંધ આવતી નહી.આ રીતના અંતેષ્ટિ સંસ્કારને વનદાગ કહે છે.આ રીતનો યુગધર્મ કૃતયુગમાં પાળવામાં આવતો.ત્યાર બાદ ત્રેતાયુગમાં મહર્ષિ વસિષ્ઠ એ સદાગુરૂ યુગગુરૂ હતા. તેમણે બતાવેલો યુગધર્મ ટૂંકમાં આ પ્રમાણે છે.યજુર્વેદ પ્રમાણભૂત અને પૂર્વદિશા મહત્વની છે તેથી પૂર્વદિશા તરફ મ્હોં રાખી લોકો યજુર્વેદી ગાયત્રી મંત્રનો જાપ કરતા.ચાંદીના સિહાસન ઉપર ચાંદીના કલશની સ્થાપના કરતા.યજુર્વેદી મંત્ર પ્રમાણે જાપ કરતા.તે વખતે રામાવતાર પ્રમુખ હોવાથી શ્રીરામનું નામસ્મરણ થતુ.મહર્ષિ વસિષ્ઠ યુગગુરૂ અને ભકત રાજા હરિચંદ્ર હતો.રવિવારના દિવસે ચૌદસ હોય તો અનંત ચતુર્દશીનું વ્રત મહત્વનું માનવામાં આવતું.ત્રેતાયુગમાં શરીરમાં જલતત્વ વધારે હોવાથી મૃતદેહનું પાણીમાં વિસર્જન કરતા તેથી દેહ પાણીમાં વિલીન થતો.આ અંતેષ્ટિ વિધીને જલદાગ કહેતા ત્રેતાયુગમાં આવો યુગધર્મ આચરણમાં હતો.પછી દ્રાપરયુગમાં વેદમૂર્તિ વ્યાસ એ યુગગુરૂ હતા.તેમણે દ્રાપરયુગનો જે યુગધર્મ બતાવ્યો તપ આ પ્રમાણે હતો. સામવેદને દક્ષિણ દિશા મહત્વની હોવાથી દક્ષિણ તરફ મ્હોં રાખી લોક સામવેદી ગાયત્રી મંત્રનો જાપ કરતા. તાંબાનાં સિહાસન ઉપર તાંબાનો કળશ સ્થાપી સામવેદી મંત્ર મુજબ ઘટપાટ પૂજાવિધીથી જયોતિસ્વરૂપ ધ્યાન કરી કૃષ્ણ અવતારનું નામસ્મરણ કરતા.સદાગુરૂ વ્યાસ એ યુગગુરૂ અને પાંડવ એ ભકત હતા. સોમવતી અમાસના વ્રતનું પાલન કરવું શ્રેષ્ઠ મનાતું.શરીરમાં અગ્નિતત્વ વધારે હોવાથી મૃતદેહને ચંદનના લાકડાથી અગ્નિદાહ કરતા.બળતી વખતે એ દુર્ગંધી રહેતી નહિ.આ અંતેષ્ટિ વિધિને “અગ્નિદાહ” કહે છે. આમ દ્રાપર યુગનો યુગધર્મ હતો.કૃતયુગમાં બ્રહ્મદેવે જે યુગધર્મ કહયો તેમાં પરિસ્થિતી મુજબ થોડો ફેરફાર કરી યુગગુરૂ વસિષ્ઠે ત્રેતાયુગનો ધર્મ કહયો અને ત્યાર પછી તેમાં પણ સમય મુજબ ફેરફાર કરી દ્રાપરયુગમાં વેદમૂર્તિ વ્યાસજીએ કહયો અને તેમાં પરિસ્થિતીનુસાર ફેરફાર કરી કલીયુગમાં સદાગુરૂ ઈમામશાહ મહારાજએ યુગધર્મ કહયો તે નીચે પ્રમાણે છે.કલીયુગમાં અથર્વવેદ, પ્રમાણભૂત માન્યો છે જે સર્વવેદોમાં શ્રેષ્ઠ છે.અથર્વવેદનો યોગ તે યજ્ઞપુરૂષનું મસ્તક છે.એટલે તે યોગ શ્રેષ્ઠ અને મહત્વનો છે. ઋગ્વેદનો ભાગ તેનું ગળું અને ભુજા વચ્ચેનું અંગ છે. સામવેદથી યજ્ઞપુરૂષનું હ્રદય અને પાછલો ભાગ નિમાર્ણ થયેલ છે.આ પછી બાકી રહેલો ભાગ યજુર્વેદનો છે. તે દ્રારા યજ્ઞપુરૂષનું પેટ તે ઉપરનો ભાગ કટિપ્રદેશ,જંઘા અને ચરણ વિગેરે શેષ શરીરની કલ્પના કરવામાં આવી છે. તે દિવ્યરૂપ અને માયાયુકત પુરૂષ અગર

અવિનાશી તુરીય પદેથી પ્રગટ થયેલ છે.આથી યજ્ઞપુરૂષનું મસ્તક જેનાથી બન્યું છે, જેમાં વિશિષ્ટ પ્રકારનો ધ્યાનયોગ કહેલો છે તે આ અથર્વવેદ છે.અથર્વવેદનો મૂળ અર્થ એવો છે કે અથર્વા એટલે નિશ્ચળ. થર્વ એટલે ચંચળતા. જીવાત્માની ઈન્દ્રીયો ચંચળ હોય છે પણ તેનાથી પણ મન અતિ ચંચળ હોય છે. આ ચંચળ મનને નિશ્ચળ બનાવવાની અને હૃદયમાં આત્માનો શોધ લેવાની વિદ્યા જેમાં કહી છે તે જ અથર્વવેદ.તેને બ્રહ્મવેદ એમ પણ કહે છે.આવો અથર્વવેદ કળીયુગમાં પ્રમાણભૂત માનવામાં આવ્યો છે. અને તેથી જ સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજે આ અથર્વવેદથી જ આપણને શ્રેષ્ઠ એવો ઘટપાટ પૂજાવિધિ બતાવ્યો છે. આ વિધિ કરવામાં જે મંત્ર બોલાય છે તે બધાયમંત્ર અથર્વવેદ ઉપરથી જ ઈમામશાહમહારાજે કરેલા છે. પૂજા વિધિના સમયે ઘટપાટની સ્થાપના કરી ચોખ્ખા ઘીની ત્રણ જયોત કરવી.આ ત્રણ જયોતિ રજ,સત્વ,તમ આ ત્રણ ગુણોના અનુક્રમે બ્રહ્મા,વિષ્ણુ,મહેશ દેવતાના પ્રતિકરૂપે છે.પૂજાના વખતે આ ત્રણ જયોતિની ધ્યાનધારણા કરી ગુરૂ પાસેથી મળેલા મંત્રથી સ્મરણ કરી મનમાં ત્રણે જયોતિ એક સાથે જોવી.આ પ્રમાણે એકરૂપ થવાથી સત્વ,રજ,તમ એ ત્રણ ગુણના બદલે એક જ શુદ્ધ સત્વાંશ ગુણ રહે છે તેજ પ્રણવરૂપે પૂર્ણ પરબ્રહ્મ છે. અને તેનુ જ દર્શન થાય છે. સાક્ષાત્કાર થાય છે.તે જ સતાં તેજ પ્રણવસ્વરૂપ એટલે ૐ એ પૂર્ણ અક્ષર બ્રહ્મથી ઓળખાય છે.ૐ કાર જ પરમાત્માની પ્રાપ્તિ માટે સર્વશ્રેષ્ઠ માર્ગ છે.સર્વશ્રેષ્ઠ સાધન છે.આ પરમ રહસ્ય જાણી શ્રદ્ધા અને પ્રેમથી જે પરમતત્વ ઉપર નિર્ભર રહે છે તેને પરમેશ્વરની પ્રાપ્તિ ખાત્રીથી થાય છે.ઈમામશાહ મહારાજે કહયું છે કે પરમાત્મા પરમશાંત અને અદ્વૈત છે. અને એને એકાગ્ર કરી પરબ્રહ્મનુ એટલે જ જયોતિસ્વરૂપનું નિત્ય ધ્યાન ધરવું કે જેથી તેને હજારો સૂર્ય જેવા તેજસ્વી પરમસુખદાયી એવા પરમેશ્વરનું દર્શન થશે. પરમવિશુદ્ધ જયોતિમાં તેની આત્માજયોત એકરૂપ થઈ માણસ લક્ષચોર્યાશીના ફેરામાંથી મુકત થશે.આ પ્રમાણે પરમાત્મા સાથે તદ્રપ થવું એ જીવનનું આદ્યકર્તવ્ય છે.તેની પૂર્તિમાટે શ્રેષ્ઠ શ્રદ્ધા હોવી જોઈએ.સત્યવસ્તુ ઉપરની શ્રદ્ધા શુભ ફળ આપનારી હોય છે.આ પ્રમાણે અથર્વવેદના મંત્રમાં એક મહાન દિવ્ય શકિત છે અને ઘટપૂજા વિધી અથર્વવેદના જ મંત્રથી જ થાય છે તેથી દિવ્યશકિત ભરેલા મંત્રથી પૂજાના સ્થળે અંતરિક્ષના અનંત કરોડી દેવીદેવતાઓનું આવાહન કરવામાં આવે છે.

આદ્ય નારાયણે સર્જી મુરત ચાર,ચતુર્વેદને ૐ કાર ૐ કારથી સરજા સતાંપંથ,ધરી અવતારને બાંધ્યા બંધ,સ્વામી ! અથર્વવેદને ચોક સિહાસને આવો,ઘટમાં આવીને વાસકરો,પાટની પુજાએ રહો,કળશ માહે કળા ધરો, ઘટઘટમાં આવી પરવરો,આદ્યબ્રહ્માએ ઘટપાટ સ્થાપ્યા ચો દિશ ફેરવી દુહાઇ,અનંતરૂપે ચરિત્ર કિધા કર્તામૂરત સોહી,આલોક દેવલોક,ગતગંગા તથા આજ્ઞાંકિત સેવકોના આમંત્રણ સ્વીકારો,કળશ માહે તમારી કળા ધરો સ્વામી ! તમે નુર સ્વરૂપે (તે જ અમૃત સ્વરૂપે) ફૂલવાસ,જલ અક્ષતામાહે પરવરો. આ પ્રમાણે ઉપરની બધા દેવતાઓને વિનંતી કરી આવાહન કરવામાં આવે છે, અને પુજા ભાગ સ્વીકારવા માટે પુજાના સ્થળે બોલાવામાં આવે છે. આ રીતે એ તમામ ઘટપાટ પુજા-યજ્ઞવિધીના સ્થળે આવે છે.પવિત્ર નદીઓ અને તીર્થ સ્થળોનો નિવાસ ત્યાં હોય છે તેથી આને “ઘટગંગા” અગર “ગતગંગા” તીર્થ કહે છે.એનો મહિમા અગાધ છે.તમામ પાવન તીર્થો કરતા પરમશ્રેષ્ઠ અને મહાન ફલદાયક આવું આ ગંગાતીર્થ છે.એનો મહિમા અનિર્વચનીય છે કેમ કે વિશ્વની મહાન શકિત અદ્દશ્યરૂપે આ ઠેકાણે કેન્દ્રિત થયેલી હોય છે, આ શકિત મહાન કાર્યો કરે છે.કલીયુગનો યુગધર્મ જોઈએ.કળીયુગમાં અથર્વવેદને મહત્વ છે.પશ્ચિમ દિશા મહત્વની માનેલી હોવાથી એ દિશા તરફ મ્હોં રાખી અથર્વવેદી ગાયત્રી મંત્રનો જાપ કરવો અને ગુરૂ તરફથી મળેલા મંત્રનું પણ સ્મરણ કરવું.અથર્વવેદનો શ્વેત એટલે સફેદ રંગ હોવાથી સફેદ વસ્ત્ર પરિધાન કરવું. સ યુગમાં શરીરમાં મહાભૂતો પૈકી પૃથ્વી એટલે માટીતત્વ વિશેષ પ્રમાણમાં હોવાથી મૃત માણસનો દેહ માટીમાં દાટવો કે જેથી તે માટીમાં વિલીન થશે.કળીયુગમાં પાપનું પ્રમાણ પણ વિશેષ હોઈ પુણ્ય ઓછું હોય છે.તેથી કળીયુગમાં સતધર્મનું પાલન કરનાર પુરૂષ ભાગ્યે જ દેખાય છે.સદ્‌ગુરૂ કહે છે - “કલયુગ કારણ ફંદ રચાસે । તે તો ફંદમાં સૌ કોઈ પડશે ॥ એક કણ નામે સ્વામીજીને દિજીએ । તો ફલંત્ર સવાલાખ લિજીએ

।।”.કલિયુગ સિવાય બીજા યુગોમાં હજારો વર્ષ સુધી તપ કર્યા પછી થોડું ફળ મળતું પણ કલિયુગમાં થોડા સમય માટે ભગવાનનું નામસ્મરણ કરવામાં આવે તો હજારગણું ફળ મળે છે. વસ્તુનો એકાદ કણ પણ દાનમાં આપવામાં આવે તો પણ તેનું સવાલાખગણું ફળ મળે છે. તેથી સતાંસાધક માટે આ અણમોલ તપ છે.દરેક યુગમાં જે તે યુગ તિથીનું મહત્વ હોય છે.સત્યુગમાં અગિયારસ,ત્રેતાયુગમાં ચૌદસ,દ્વાપરયુગમાં અમાસ તેમ હાલ કલિયુગમાં સુદી બીજ એટલે ચંદ્રદર્શન એ મહત્વનું વ્રત માનવામાં આવ્યું છે.દરેક મહિનાની સુદી બીજનું વ્રત કરવાથી ધર્મ,અર્થ,કામ અને મોક્ષરૂપ ફળ મળે છે. એમ નારદપુરાણ પુર્વ ભાગ,ચતુર્થવાદમાં કહયુ છે.એ સિવાય થાવર બીજ-અજવાળી બીજના એટલે બુધવારના રોજ અમાસ હોઈ ગુરૂવારના રોજ પડવો અને શુક્રવારના રોજ બીજ અને તેજ દિવસે ચંદ્રદર્શન હોય તો તે કલિયુગનું મહાન વ્રત માનવામાં આવે છે કારણ બુધવારની અમાસના દિવસે કલિયુગનું મંડાણ મંડાયું છે.અને શુક્રવારની બીજના દિવસે કલિયુગની શરૂઆત થઈ છે (એટલા માટે જ દરેક ધર્મ કે જાતીમાં શુક્રવાર દેવનો દિવસ મનાય છે.આ પ્રમાણે શુક્રવારના રોજ ચંદ્રદર્શનનું વ્રત કળિયુગમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે.સદાંગુરૂ ઈમામશાહએ કહયુ છે પ્રત્યક્ષ આચરણમાં ઉતાર્યુ છે તે એ કે શુદ્ધ ઘીની જયોત લગાડવી તેના લીધે ચિતવૃતિ સાત્વિક અને શાંત થાય છે.તેવી જયોતિ કરી ગુરૂતરફથી મળેલા મંત્રનું અખંડ સ્મરણ કરી તે જયોતિ સાથે તદ્રૂપ થવા પ્રયત્ન કરવો.પ્રથમ પોતાનુ મન શાંત સ્થિર અને વશ રાખવું જોઈએ.અહંકાર અને મમત્વનો ત્યાગ કરવો જોઇએ અને ઈન્દ્રિયનિગ્રહથી મન કાબુમાં રાખવું જોઈએ મન અદ્રશ્ય હોવા છતા તેનો શરીર સાથે દ્રઢસબંધ હોવાથી તેને વશ કરવાના બધા પ્રયત્ન પ્રથમ શરીર ઉપરજ કરવા પડે છે.વ્રત,તપ,બ્રહ્મચર્ય,સત્યભાષણ.પરદ્રવ્ય અને પરનારીનો તિરસ્કાર,પરનિંદા અને આત્મસ્તુતીનો ત્યાગ,સુખ-દુખ સહન કરવાની ટેવ,દયાભાવ વગેરે નિયમો નિશ્ચયથી પાળવાં આ બધુ મનો નિગ્રહમાટે છે.આ નિગ્રહમાટે સદાંગુરૂ જ્ઞાનરૂપ અંકુશ જોઈએ.સંકલ્પ વિકલ્પનો ત્યાગ કરી ઈશ્વરની ઉપાસના પૂર્ણ શ્રદ્ધાથી કરવી જોઇએ.તેજસ્વી પરમજયોતીનું ધ્યાન રાતદિવસ કરવું એવી વેદોની મનુષ્યમાત્રને આજ્ઞા છે કારણ કે તેજ પરબ્રહ્મ છે.ધ્યાન કરવાનો હેતુ એ છે કે સાધનરૂપ જે શબ્દપ્રણવ ૐકાર તેજ વેદ,એને શબ્દબ્રહ્મ કહે છે,આમાંથી જ વેદ વિસ્તાર પામ્યા,ૐકારજ ગાયત્રી છે,ગાયત્રીના ૐકારનુ તેમજ ગુરૂમંત્રનું સ્મરણ કરી ઈશ્વરી તેજનું ધ્યાન કરવામાં આવે તો મનુષ્ય નિષ્પાપ અને સ્થિર ચિતવાળો થાય છે અને પરિણામે પરબ્રહ્મના તેજોવલયમાં વિરામ પામે છે.

ઉપર બતાવેલો ધ્યાનનો પ્રકાર માત્ર એક બે વખત કરવાથી સફળ થશે નહી.એ સતત કરવો જોઈએ.ચિતવૃતીનો નિરોધ એટલે માયા મમતાનો ત્યાગ.આના માટે સંસાર છોડવાની જરૂર નથી.સંસારમાં રહીને જ મોહ મમતા વગેરેનો ત્યાગ કરવા,પ્રપંચ છોડવો એટલે વૈરાગ્ય નથી પણ તેની આસકિત છોડવી એનું નામ વૈરાગ્ય. આમ માયામોહ ચંચલતા વિગેરે છોડી સંસારમાં રહીને જ પરમાર્થ કરવો જોઈએ.સદાંગુરૂ ઈમામશાહ કહે છે કે મારા વહાલા ભાઈ આ છેલ્લી જ તક છે,છેલ્લો જ યોગ છે સંજોગોવશત તને આ માનવ જન્મ પૂર્વજન્મોના સુકૃત્યોથી અને ઈશકૃપાથી મલ્યો છે તેથી આ અણમોલ નરદેહનો લાભ ઉઠાવી યથાશકિત પરમાર્થ સાધન કર.આજ સુધી સત્ય,ત્રેતા અને દ્રાપરયુગો વિત્યા તેમાં ઈશ્વરની ભકિત કરી નથી તેથી ચોર્યાશી લાખ જીવ યોનીના ફેરા ખાતો હાલ ચોથા કળીયુગમાં આ નરદેહ પામ્યો છે તો આ અણમોલ દેહ સંસારિક કામ કાજમાં વેડફી નાંખીશ તો આ અમૃતસમો લાભ ગુમાવી બેસીશ. તારા કેટલા માનવજન્મ થયા તેની તને ખબર નથી તેથી હવે આ છેલ્લો જ નરદેહ છે એમ માની આજસુધી સદગુરૂ વચન પ્રમાણે વર્ત્યો નહી. ઈશ્વરની ભકિત કરી નહી જેથી જ્ઞાન મલ્યું નહી. માટે હવે જાગૃત થા અને પરમાર્થ માર્ગે જવાની શરૂઆત કર.છેલ્લી જ તક માની સતાંમાર્ગનું આચરણ કર.સદાંગુરૂ કહે છે “વેદશાસ્ત્ર કહે તે કરવું રે ભાઈ”વેદશાસ્ત્રના નિયમોનું પાલન કરો પણ અંધશ્રદ્ધા રાખતા નહી યોગ્ય અને સત્ય હોય તેવું આચરણ કરો.અંતર્બાહ્ય શુદ્ધિ માટે ઈમામશાહ મહારાજે કેટલાક મહત્વના નિયમો કહયા છે તેને શિક્ષાપત્રી અથવા સદાંગુરૂની શિખામણ કહે છે. જે સતપંથ

ભજનાવલી નામના ગ્રંથમાં "સતપંથના તત્વો નિયમો મથાળા તળે છે.સતપંથી ભાઈબહેનોએ તે રીતે વર્તવું.જ્ઞાન માત્ર શ્રવણ કે મનન માટે નથી પણ પ્રત્યક્ષ આચરવા માટે છે.

ૐ નમો નિષ્કલંકી નારાયણ જનાર્દનમ્ !

ગાયત્રી મંત્ર

ૐ ભૂર્ભુવઃ સ્વ તત્સવિતુર્વરેણયં ભર્ગો દેવસ્ય,
ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત ॥

卐 શ્રી નિષ્કલંકી નારાયણ ગાયત્રી 卐

ૐ નમો નિષ્કલંકી નારાયણ જનાર્દનાય ।
ભસ્મા યુધાય વિદ્ મહે દિવ્ય નૈત્રાય ધિમહી ॥
તન્નો જવરહરઃ પ્રચોદ્યાત - તન્નો જવરહરઃ પ્રચોદ્યાત ॥
ૐ શાંતિઃ । શાંતિઃ ॥ શાંતિઃ ॥।

શ્રી ઋગ્વેદી ગાયત્રી

ૐ ૐ ૐ કારમ્ , અનાદિ પુરૂષમ , નરૂપમ્ નરેખા નિષ્કલંકઃ નપાણિઃ,નપાદઃ,અભૂતઃ,મંગલં વર્તતે, બ્રહ્મા ૐ બ્રહ્મોન્નાદઃ આધરૂપઃ વેદરેખા માત્રઃ મહાતેજોઃ પરિબ્રહ્મ ચતુરમુર્તિઃ ઈશ્વરઃ કૃતવાન્ વેદઃ પરિબ્રહ્મઃ ઋગ્વેદો રક્તવણંઃ,વર્ણાદિવિષ્ણુઃ, બ્રહ્મવંશાદિપાત્રઃ અતીવ. પરિબ્રહ્મઃ પરમેશ્વરમ્, પરમ પરમઃ, પરિબ્રહ્મઃ પ્રજવાલયતિ પાતકમ. હુતાશનમય તેજા વંશાદિપાત્રમ્ વેદઃ પરિબ્રહ્મઃ

શ્રી યજુર્વેદી ગાયત્રી

ૐ ૐ ૐ કારમ્ વેદ વાચકે અક્ષરઃ બ્રહ્મવિભૂતિઃ, પંચભૂતાત્ષલ્લલ્લાંક પરિવર્તતે, પ્રજવાલયતિ પાતકમ્ઃ, પરમેશ્વરમ્ પરિબ્રહ્મ રૂપરેખા વેદો અભુતજગતી પરમેશ્વરઃ, પરા પરમ પરમઃ પરિબ્રહ્મ, વંશાદિપાત્રોઃ અભુતજગતી. વેદઃ પરમેશ્વરઃ, પરિબ્રહ્મ, સર્વ, પરિબ્રહ્મઃ શબ્દઃ પરમેશ્વરઃ પરિબ્રહ્મઃ, યજુવેદો જરદ્વર્ણઃ, વર્ણાદિવિષ્ણુઃ પરિબ્રહ્મઃ,

શ્રી સામવેદી ગાયત્રી

ૐ ૐ ૐ કારમ્ કૃષ્ણાદિવર્ણમ્ , તદા વેદઃ પરમેશ્વરઃ ઉપજાયમાન ધર્મઃ તદાઈ પાતકં પ્રજવાલયતે સર્વ વંશાદિપાત્રઃ પૂજાગમ્ , પરિબ્રહ્મઃ ષલ્લલ્લાંકમ્ , તત્વમ્ , મંગલસ્યઃ મહદંગમ્ વર્તતે શબ્દશ્ચવવેદશ્ચ પરિબ્રહ્મઃ ૐ શબ્દઃ પરિબ્રહ્મઃ ૐ ચક્ષુઃ પરિબ્રહ્મઃ ૐ વિદ્યાહામ્ ઉન્નાદઃ મહાવેદો અકાંમ્ પરિવર્તતે વિદ્યાહામ્ અહામ્ પરમેશ્વરઃ પરિબ્રહ્મઃ

શ્રી અથર્વવેદી ગાયત્રી

ૐ ૐ ૐ કારમ્ , કલ્યંગકર્તા, વિશતિવિસ્વા પાપમ્ વિસ્વાધર્મઃ અરૂદ્ધં પાતકમ્ ધર્મરેખા માત્રઃ , ધર્મ ઈતિ પરિબ્રહ્મઃ, અથર્વવેદઃ, શ્વેતવર્ણઃ, વર્ણાદિવિષ્ણુઃ, સવિષ્ણુનારાયણઃ બ્રહ્માગમ્ બ્રહ્મઃ વંશાદીપાત્રઃ વર્ણાદિધર્મો મ્લેચોઅભૂજ્જગતિ, ઈચ્છગો. વિષ્ણુનારાયણઃ અતઃ પરિવક્ષ્યામિ મહાજ્ઞાનભેદમ્ , જંબુદ્વીપે કલાંગમ્ પવિત્ર વર્તમાનમ્ , મહાકલિયુગ ઉપજાયંતે નારાયણઃ તેજોભવિતા, અંગકર્તા, પ્રજવાલયતિ પાતકમ્ અનાદિઃ પુરૂષઃ , મમજીવનં ભવતિ, આર્યા, ગમ, પરિબ્રહ્મઃ ષલ્લલ્લાંકમ્ઃ , મંગલશ્ચ, સત્વાનિ, સત્પાત્રાદિ પરમેશ્વરઃ પરિબ્રહ્મઃ અનાદિપુરૂષ વેલાંગમઃ ભવતિ કર્માયતિ પરિબ્રહ્મઃ સ્થલે સેવાંગમ્ , નમઃ સર્વ ઈતિ પરિબ્રહ્મઃ પરમેશ્વરઃ પરિબ્રહ્મઃ

શ્રી મોક્ષ માર્ગની ગાયત્રી

ભરતખંડે ઈહઃ વૃર્ત્તતે સ્વામી વાસ્તે ગતઃ વર્તતે પરમ સુખામી દ્વીપે સદ્વીપે જંબુદ્વીપે કોટાંગ કોટાંગ જીવનાંગ પરમ મુકિતયઃ મિંદઃ ઓત્રંગદેશંગ કુમારીકા ક્ષેત્રંગ મુકતગંગ સત મુખંગ વભૂતનગરે વૈરાટ વામે ભવેતંગ મહા સરસ્વતિ, સાબ્રમતિ, પૂર્વભ્રષ્ટે નવ સ્થળે ગુર્મટે, રેવા ઓત્રંગે, ષોડશ જોજનંગે, પંચનદિ મૂલસ્થાને દિશાઓત્રંગ, સતરૂપી બ્રહ્માવાચકે મહાનારાયણ વચને, કલિયુગ અંતે, બુદ્ધશાસ્ત્રંગ, હુરાવરણે, સમાવર્તગ દશાંગ સુરજાંગ મહા મંગલંગ, કુલપદઃ દેહે, માસે દિવસે,તિથિ, વારે, નક્ષત્રે, હુરાવરર્ણે, સ્થાપનાએ, બ્રહ્માંડેઃ એતે સ્થળે ઉપજંતે. શ્રી નિષ્કલંકી

નારાયણ પરિબ્રહ્મઃ આદે ઉપજંતે પરમપ્રેમહોતવંગક્ષેત્ર મહાકલિયુગે કરતવંગઃ નારાયણુ નવી સૃષ્ટિ સ્થાપંતે, તદા હોતવંગ. સમાપતે ભવતંગ ઉપજંતે છેલ્લી સંઘે નિષ્કલંકી નારાયણ પરિબ્રહ્મઃ

ઊગતા સૂર્ય નારાયણ નો મંત્ર

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું. ૐ નમો શ્રી સદ્ગૂરૂપાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ,આદ્ય-વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે...

ઊગતા સુરજ ॥ આથમતા ભાણ ॥ નર બીજ તે શ્રી નિષ્કલંકી નારાયણ ॥ તમે સત્યના પ્રેરક-ધારક રક્ષણહાર ॥ પડંતે ગોર ગાયંત્રી જપે તપે બિંબ ઉપાયા । તબ હે ॥ સૂર્ય દેવતા તમારા ચરણે અમે આયા ॥ સ્વામી ! તમે નિરંજન નિરાકાર ॥ ધર્મ કારણે લીધા અવતાર ।. એટલી પ્રાર્થના કરે તે નરકે ન જાય ॥ સદ્ગરૂ ઈમામશાહ ...ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

નમઃ સવિત્રે જગદેક ચક્ષુષે । જગતપ્રસુતિ સ્થિતિનાશ હેતવે ॥ ત્રપ્તમપાય ત્રિગુણાત્મ ધારિણે । વિરંચિ નારાયણ શકરાત્મને ॥

દીવા જયોત ને પ્રણામ કરવાનો મંત્ર

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું.

ૐ નમો શ્રી સદ્ગુરૂપાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ, આદ્ય-વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશીષે ...

ગુરૂ દીવો ॥ ગુરૂ દેવતા ॥ ગુરૂ વિના ઘોર અંધકાર ॥ ગુરૂ વિના યુકિત નહી ॥ ગુરૂ વિના મુકિત નહિ ।. મન તાળું ॥ ગુરૂ-મંત્ર કૂંચી ખોલો ધર્મ દ્વાર ।. દેખો નરાયણ કા દીદાર ।. તરીએ ભવસાગર પાર ॥ જાગે જયોત ભાગે છોત ।

સદ્ગરૂ ઈમામશાહ ...ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

ધૂપનો મંત્ર

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું.

ૐ નમો શ્રી સદ્ગુરૂપાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ, આદ્ય-વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશીષે ...

ધૂપ જલે, અગર જલે, ભવની પીડા ટળે, દેવ જાગે, દૈત્ય ભાગે ધૂપ ત્યાં રૂપ દેવ ત્યાં પૂજા, અલખ નિરંજન નિરાકાર, અવર દેવ નહી દૂજા ...સદ્ગુરૂ ઈમામશાહ...ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

સર્વદેવ ઋષિવરને નમસ્કાર કરવાનો મંત્ર

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું.

ૐ નમો શ્રી સદ્ગુરૂપાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ, આદ્ય-વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશીષે ...

આદ્ય નારાયણને નમસ્કાર ॥ બ્રહ્મા,વિષ્ણુ, મહેશને નમસ્કાર ॥ આદ્યશકિતને નમસ્કાર ॥ શ્રી નિષ્કલંકી નારાયણ ને નમસ્કાર ॥ પ્રથમ પુરૂષને નમસ્કાર ॥ હરિવંશ કુળ કાયમના પરિવારને નમસ્કાર ॥ ધરતી આસમાનને નમસ્કાર ॥ પવન-પાણીને નમસ્કાર ॥ ચંદ્ર-સૂર્યને નમસ્કાર ॥ નવ લાખ તારાને નમસ્કાર ॥ બાર મેઘ ને નમસ્કાર ॥ નવકુળ નાગને નમસ્કાર ॥ સાત સમુદ્રને નમસ્કાર ॥ નવસો નવાણું નદીઓને નમસ્કાર ॥ અગિયાર રૂદ્રને નમસ્કાર ॥ અશ્વિનીકુમારને નમસ્કાર ॥ ઓગણપચાસ મરૂતને નમસ્કાર ॥ ચૌદ બ્રહ્માંડને નમસ્કાર ॥ નવગ્રહને નમસ્કાર ॥ સાત વાર, સતાવીસ નક્ષત્રને નમસ્કાર ॥ પંદર તિથિ બારકરણને નમસ્કાર ॥ સાત દ્વિપને નમસ્કાર નવખંડ પૃથ્વીને નમસ્કાર ॥

ચોવીસ મુલકને નમસ્કાર ॥ અષ્ટકુળ પર્વતને નમસ્કાર ॥ અઢારભાર વનસ્પતિને નમસ્કાર ॥ ચાર વેદને નમસ્કાર ॥ ચાર ગ્રંથને નમસ્કાર, ચાર ખાણ, ચાર વાણને નમસ્કાર ; અગ્નિ, તેજ અન્નદેવને નમસ્કાર ॥ આદિ, અંત,મધ્યના દેવને નમસ્કાર ॥ ઉતર,દક્ષિણ,પૂર્વ પશ્ચિમને નમસ્કાર ॥ દશ દિગ્પાળને નમસ્કાર ॥ દશે દીશાઓને નમસ્કાર ॥ નવનાથ ચોર્યાસી સિદ્ધને નમસ્કાર ॥ ચોસઠ જોગણીને નમસ્કાર ॥ અઠયાસી સહસ્ત્ર ઋષિને નમસ્કાર ॥ એક લાખ એંસી હજાર સંત-મહાત્માઓને નમસ્કાર,અડસઠ તીર્થને નમસ્કાર ॥ નવાણું કરોડી ઝાંખાને નમસ્કાર

॥ છપ્પનકરોડી મેંઘાને નમસ્કાર ॥
બત્રીસ કરોડી કિન્નરને નમસ્કાર ॥ પાંચ કરોડી પ્રહલાદને નમસ્કાર ॥ સાત કરોડી હરિશ્ચંદ્રને નમસ્કાર ॥ નવ કરોડી યુધિષ્ઠીરને નમસ્કાર ॥ બાર કરોડી કમળા કુંવરને નમસ્કાર ॥ ત્રેતીસ કરોડી દેવતાને નમસ્કાર ॥ સર્વ ઋષિવર ગત-ગંગાને નમસ્કાર ॥ દશે અવતારને નમસ્કાર, મુખી સેવકને નમસ્કાર, ચૌદ-ભુવનના દેવ-ઋષિવરને નમસ્કાર ॥ કરણ કલ્પના અનંત કરોડી દેવને નમસ્કાર ॥ સ્વામી ! અમારા અપરાધ ક્ષમા કરો, સતપંથના માર્ગમાંહે રાખો ॥ લક્ષ ચોર્યાસીના ફેરા ટાળો ।. તેત્રીસ કરોડીના મેળા આપો ॥ જાંબુ દ્વિપના ધણી ॥
સદ્ગુરૂ ઈમામશાહ ...ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

થાળ અક્ષયપાત્રનો મંત્ર

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું.
ૐ નમો શ્રી સદ્ગુરૂપાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ, આદ્ય-વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશીષે ...
હરિશ્ચંદ્ર,ચતુરવેદી બ્રહ્મા મોક્ષદાતાર,દેવ મહેશ્વર અને સહદેવ તપી કસે કળશ કિરતાર ॥ ચાર યુગ મધ્યે જીવ ઉદ્ધાર્યા ॥ પાંચ સાત, નવ, બાર તેત્રીસ કરોડીના મેળા આપો ॥ તમે હરિવંશ પાત્ર સ્વામીજી ભાવભકિત સિદ્ધ કરો ॥ થાળ, પ્રસાદ,નિશાની,મહેમાની,દશાંશ સુક્તિ દામ । દોકડો, પાન,ફૂલ,ફળ અન્ન પાણી ॥ શાક પાક ॥ ભકિત ઉપાસના સ્વીકાર કરો. સ્વામી તમસુ બલિહારી અમને આશા દેવ તમારી,અક્ષય પાત્ર અખૂટ કરો ॥ સ્વામી તમે ગત-ગંગાને રોશન કરો. અન્નપૂર્ણા અન્ન પૂરો ॥ પાણી પૂરો ગણેશ ॥ રિદ્ધિ સિદ્ધિ આપો તમારા દાસ, ભરો ભંડાર થાઓ સુખી ॥ અન્ન દેવ પૂર્ણ જાલંધર-મુખી ॥ સદ્ગુરૂ ઈમામશાહ ...ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

પ્રસાદ (ભોજન) જમવાનો મંત્ર

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરું છું.
ૐ નમો શ્રી સદ્ગુરૂપાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ, આદ્ય-વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશીષે ...
સ્વામી તમે સૃષ્ટીના સર્જનહાર ॥ થાળ મહેમાની ॥ તમારી ભાવે-સુભાવે ॥ તમારે નિમિતે ॥ તમારે ભોજન સ્થળે ॥ સ્વીકાર કરો ॥ અન્ન પાણીના આહાર ॥ પાન ફૂલના ભોગતા ॥ સકળ સંઘ ઉપર દયાની દ્રષ્ટી કરો ॥ તમારું તેજ પ્રગટ કરો ॥ સેવક ઉપર દયા દ્રષ્ટી કરો ॥ અનંત જીવ તપ કરી આવ્યા ॥ એમ દેવ વેદ વાચક ભાખંતે ॥ સદ્ગોરે હેત કર્યા ॥ તે ચતુર વેદી બ્રહ્મા ॥ સ્વામી ॥ હકક દાણ ॥ સેવા એ આણયા ॥ જાકા દાણા ॥ ખટ્ટી કર કમાના ॥ સત્ય સું લાના ॥ પ્રેમ સું પકાના ॥ સંન્યાસી ગ્રાસ દાણા ॥ બ્રહ્મા અર્પણ કરકે ખાના સ્વામી ॥ તુમ કો પહુંચાના ॥
સદ્ગુરૂ ઈમામશાહ ...ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

પ્રસાદ જમ્યા પછીનો મંત્ર

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરું છું.
ૐ નમો શ્રી સદ્ગુરૂપાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ, આદ્ય-વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશીષે ...
એક ગણુ દાન ॥ સહસ્ત્ર ગણું પુન્ય ॥ આખર વેળાએ સેવકની રક્ષા કરો ॥ વિશ્વાસ અખંડ રાખો ॥ ધર્મના માર્ગે રાખો ॥ સ્વામી સહાય કરો ॥ જે ભંડારથી રોજી આવે તે ભંડાર ભરપૂર કરો ॥ સ્વામી તમારો પ્રસાદ ॥ તમે આપ્યો ॥ સેવક જમ્યો ॥ પ્રકાશ થયો ॥ સ્વામી તમને પહોંચાયા ॥
સદ્ગુરૂ ઈમામશાહ ...ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

ચંદ્ર દર્શનનો મંત્ર

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરું છું.
ૐ નમો શ્રી સદ્ગુરૂપાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ, આદ્ય-વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશીષે ...
દયા,ક્ષમા,શાંતિના વર દાતાર ॥ હું છું અરજ કરનાર ઉમેદવાર ॥ આજ હો ચંદ્રમા ગુરૂ ॥ તમે

સતિયોનાં સત્ રાખજો ॥ અમારા કરગર્યા કાન ધરો ॥ સમર્યા સહાય કરો ।. કર્યા અપરાધ ક્ષમા કરો ॥ બીજા અપરાધ ના કરાવશો ॥ ઝાંખા, મેઘા, કિન્નર તેત્રીસ કરોડીના મેળા આપો ॥ અનંત કરોડીની સોબતમાં રાખો ॥ લક્ષ ચોર્યાસીના ફેરા ટાળો ॥
સદ્ગુરૂ ઇમામશાહ ...ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

દશઅવતારની આરતી

જયદેવ જયદેવ । જય સદ્ગુરૂસ્વામી ! પ્રભુ જય સદ્ગુરૂસ્વામી
આરતી કીજે નકલંક દેવની અક્ષય પદ ધામી ॥ જયદેવ.
પ્રથમ મચ્છ અવતારે માર્યો શંખાસુર પાપી ॥ પ્રભુ માર્યો
ચાર વેદ લાવીને દીધા, બ્રહ્માને આપ્યા ॥ જયદેવ ૧
બીજો કુર્મ અવતારે, પર્વત પીઠ ઉપર ધાર્યો ॥ પ્રભુ પર્વત
સાત સમુદ્ર મંથન કરીને, ચૌદ રતન કાઢયાં ॥ જયદેવ ૨
ત્રીજો વરાહ અવતારે, માર્યો મોરધ્વજ પાપી ॥ પ્રભુ માર્યો
દાઢે ગ્રહી લઈ આવ્યા, અવની ઉર સ્થાપી ॥ જયદેવ ૩
ચોથો નરસિંહ અવતારે, માર્યો હિરણ્યાકશ્યપ ભૂપ પ્રભુ માર્યો
નખથી માર્યો પાપી, લઈ નરસિંહ રૂપ ॥ જયદેવ ૪
પાંચમે મહા બલિરાય, દેખી સુરનર કાંપ્યા । પ્રભુ દેખી
વામન રૂપ ધરી બલીને, પાતાળે ચાંપ્યા ॥ જયદેવ ૫
છઠે પરશુરામ અવતારે, ફરશી હાથોમાં લીધી પ્રભુ ફરશી
શહસ્ત્રર્જુન મારી પૃથ્વી નક્ષત્રી કીધી ॥ જયદેવ ૬
સાતમે રામ અવતારે, આનંદ કૌશલ્યા પામી । પ્રભુ આનંદ
દશમુખ રાવણ માર્યો, સીતાના સ્વામી ॥ જયદેવ ૭
આઠમે કૃષ્ણ અવતારે, ગોવિંદ ગોકુળ ગૌ ચારી પ્રભુ ગોકુળ.
મામા કંસને માર્યો, ગોવર્ધન ધારી ॥ જયદેવ ૮
નવમે બુદ્ધ અવતારે, ભાર ભૂમિ પર વધ્યો । પ્રભુ ભાર
ધ્યાન ધરી ધરણીધર બેઠા, યોગ યુગાત સાધ્યો ॥ જયદેવ ૯
દશમે નકલંકી અવતાર, પૃથ્વી નકલંકી કરશે । પ્રભુ પૃથ્વી.
દૈત્યને મારીને હરિ સુધ સેવકની લેશે ॥ જયદેવ ૧૦
દશ અવતારની આરતી, જે કોઈ ભાવે ગાશે । પ્રભુ જે ભાવે
આરતી બોલ્યા સદ્ગુરૂ બ્રહ્મા, મોક્ષગતિ થશે ॥ જયદેવ ૧૧

ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન કી જય.
ૐ શ્રી સદ્ગુરૂ ઇમામશાહ મહારાજ કી જય.
ૐ શ્રી સતપંથ સનાતન ધર્મ કી જય.
અપને અપને ગુરૂ મહારાજ કી જય.

ૐ શ્રી સદ્ગોરની શિકામણ

સદ્ગોર તણી શિખામણ સાચી,
સાંભળો ઋષિવર એકાંતિ. ૧
દિન પર્તે કરો ધામસું ધંધા,
સાંજ પડે થાઓ સાહેબકા બંદા. ૨
કોઈ કેની ન કરશો નિંદા,
જઈ ગતમાંને કહો હેજંદા. ૩
ગોર મુખે તમે રહો રે બંદા,

ઋષિવર કેરી ચેહી સંદયા. ૪
એમ વંદો સંદયા ઋષિવર ભાઈ,
મેલો ક્રોધ ન કરશો ઈર્ષાઈ. ૫
મન મારો તો મમતા મુઈ,
ધર્મશાળામાં ન રહેશો સુઇ. ૬
ધર્મશાળામાં પર વાત ન કરશો,
આહાર ઘણું કરી પેટ ન ભરશો. ૭
ભરશો પેટ તો ભારી થાશો,
આવશે નિંદ્રા પછી પસ્તાશો. ૮
હળવે પેટે હાંસલ થાશે,
જાગતાં જીતશો સદ્ગોર સાથે. ૯
વડા મોટાની અદબે રહેજો,
મોટા તણા બે અવગુણ સેહજો. ૧૦
દહાડો વડો તેને વરસ કરી જાણો,
બોલો મીઠા વચને પ્રેમ જ આણો. ૧૧
આપણેથી જે નાનેરો ભાઈ,
તેને બોલાવો મોટેરો કહી. ૧૨
મીઠે વચને બોલો વીરા,
તમ મુખે તો ઝલકે હીરા. ૧૩
સદ્ગોર મલ્યાનો એ છે ભેદ,
ઋષિવર ઋષિવરનો ન કરશો ખેદ૧૪
સાંભળે રૂડું ને આચરે કુડું,
નિશ્ચે તેનું થાશે જ ભુંડું. ૧૫
આળસ નિંદ્રા ન કરવી જાણી,
જૂઠ તજો વેદ વચન પ્રમાણી. ૧૬
કૂડ કપટ સર્વે નાખો કાઢી,
અમીરસ પી નિશાની લો દાડી. ૧૭
ઘર થકી ધર્મશાળામાં આવો,
ઊપજાવી ભાવ નિશાની લાવો. ૧૮
સંપત ઊપજે તે તમે લાવો,
મુખી સાથે નવ કરશો દાવો. ૧૯
દાવો કરે દુનિયાને ભાવે,
આવે દારિદ્રને દેવ નહિ પાવે. ૨૦
અધર્મી ને ઊણિયાચારી,
જાણ્યું અજાણ્યું તે દે પચારી ૨૧
સુતક લાઈ ભર્યા જો રહેશો,
હાણ ઉપજશે બહુ દુઃખ સેહશો. ૨૨
અમી નિશાની નહિ લો દાડી,
તો ગોરજી મેલશે ગતમાંથી કાઢી ૨૩
ધર્મી ધીગાણાની વાત ન જાણે,
અધર્મી મનમાં ઓછું આણે. ૨૪
જ્ઞાન દયાનમાં જુઓ વિચારી,
હાણ વર્ધને જુઓ તપાસી. ૨૫
દયાન ધરી તમે ઝાલો સ્મરણી,

છાના છૂપા કરો ઉતમ કરણી. ૨૬
એવા ગુણ ગંભીરે ભરિયા,
ઋષિવર પાળો સોએ ક્રિયા. ૨૭
પ્રથમ હ્રદય ધોઈ નિર્મળ કરવું,
બીજી ક્રિયા નિત નાહીને જમવું ૨૮
સત્યે ચાલવું રાતને દિવસ,
તેમાં સાચું બોલવું નિશ્ચે. ૨૯
દયા રાખવી દિલમાં જાણી,
સુપાત્રને દાન દેવું પ્રાણી. ૩૦
પર દુ:ખ જાણી પાસે રહેવું ભાઈ,
મોટાને તો માનવા સહી. ૩૧
મોટાઈનો મન ગર્વ ન કરવો
દશમી ક્રિયા જે ક્રોધ ન કરવો ૩૨
ધર્મ તણું આળસ ન કરવું,
સરજયા સાથે દયાન જ ધરવું. ૩૩
નિત નિત ગતમાં મલવું જાઈ,
ગોરનર મુખીને મલવું ધાઈ. ૩૪
નિત નિત અમી પીએ તે ધર્મી,
અહંકાર મૂકે તે નર કર્મી. ૩૫
જૂઠું ઋષિવરને બોલવું નહિ,
અતીત અભ્યાગત સંતોષવા સહી. ૩૬
ભૂખ્યાને અન્ન આપવું જાણી,
તરસ્યાને તો પાવું પાણી. ૩૭
નાગાને વસ્ત્ર આપી અર્થ જ લેવો,
સગાં કુટુંબનો ભાર જ સેહવો. ૩૮
સઘળું સાંખી કરી દયાન જ ધરવું,
અવગુણ કરે તેનો ગુણ જ કરવો. ૩૯
ઓછું કોઈને આપવું નહી,
અદકું કોઈનું લેવું નહી. ૪૦
પરસ્ત્રી ગમન તો કરવું નહી,
ભૂંડી નજરે ન જોવું ભાઈ. ૪૧
જાણી અજાણી ન દીજે ગવાહી,
કૂડ કપટે ન ચાલશો ભાઈ. ૪૨
મુખથી મર ન કહેવું લગાર,
વ્યાજ ખાએ તેનો ન લેવો આહાર.૪૩
હાડ વકરો કરે પાતક સહી,
પશુ પાળીને વેચવું નહી. ૪૪
ધરતીનું મૂલ ન કરશો માતા,
કન્યા તણો રખે દ્રવ્ય જ ખાતા. ૪૫
લાંચ ન ખાવી એક રતી,
ખોટું ખત નવ લખશો સતી. ૪૬
મેદાને જઈ પાંચ આચમન કીજે,
ચાલીસ ક્રિયા ઋષિવર પાળી લીજે.૪૭
માટી લઈને ધોવા હાથ,

નાહી કરીને થાવું પાક. ૪૮
પાણી લઈને પેશાબ જ કરવી,
આચમન ત્રણ કરે તે નર ધર્મી. ૪૯
અણગળ્યું નીર ન પીવું પ્રાણી,
જીવતો જીવ ન મારવો જાણી. ૫૦
હીગ તમાકું ન ખાશો કોઈ,
અમલ આહાર તજો નર જોઈ ૫૧
દનીમાં બેસીને ખાવું નહિ,
એઠું જુઠું ન ખાશો ભાઈ. ૫૨
ગળીનાં વસ્ત્ર પહેરવાં નહિ,
નીચની સંગત ન કરવી સહી. ૫૩
અપવાસ વ્રતની આશ ન ધરવી,
પાણી પથ્થરની પૂજા ન કરવી. ૫૪
મેલી થાપણ ન રાખવી જાણી,
વખત વેળા ન ચૂકશો પ્રાણી. ૫૫
અમર થૈયે તે જપીએ જાપ,
વણ પૂછે ખાધે છે પાપ. ૫૬
પા, ઘડી જતી ન કરશો લગારી,
ચાંપી આહાર ન લેશો લગાર. ૫૭
લાલચે પ્રીત ન કરવી ભાઈ,
માતા કરી જાણો મોટી ભોજાઈ. ૫૮
અરુંપરું નવ કરશો ઋષિ,
પાડોશી દુભવી નવ કરશો દુઃખી. ૫૯
વિશ્વાસઘાત ન કરવી સહી,
પડી જડી વસ્તુ ન લેવી ભાઈ. ૬૦
કોઈને આળ ન ચડાવવી જાણી,
ઉછી ઉધારનું ન રાખવું પ્રાણી. ૬૧
પારકું ધન લેઈ ભાગવું નહિ,
પુત્ર થઈને આપવું સહી. ૬૨
કોઈને ગાળ ન દેવી જાણી,
મૂર્ખપણામાં ન રહેવું પ્રાણી. ૬૩
જ્ઞાન દ્રષ્ટે જોવું સૌને સરખું,
શત્રુ કરે તે નવ કરવું. ૬૪
સાચો જૂઠો ન કરવો વાદ,
જૂઓ જૂગટાનો ન કરવો સ્વાદ. ૬૫
નાચ છંદ ભવૈયા જોવા નહી,
એ છલભેદે સદ્ગોર ખોવા સહી. ૬૬
જમતાં ખાટું ન કહેવું ભાઈ,
વખાણવું પણ વખોડવું નહી. ૬૭
પ્રભાતે નાહીને બહાર નીસરવું,
સંસાર કરે તે નવ જ કરવું. ૬૮
તપ તિરથને કરવું સ્નાન,
નિર્મળ થઈને ધરવું દયાન. ૬૯
આપણા પ્રાણીને દુઃખ નવ દીજે,

દર દીવાને પ્રિત નવ કીજે. ૭૦
હાલતાં ચાલતાં ખાવું ન ખાશો,
ષટ દર્શન પુજી પસ્તાશો. ૭૧
વેદ શાસ્ત્ર કહે તેમ કરવું સહી,
ચતુરાઈ ચોખાઈમાં રહેવું ભાઈ. ૭૨
ઝેર ખાઈ જંપલાઈ ન મરવું,
આવાગમનમાં ફરી અવતરવું. ૭૩
જોર જુવાની વશ જો કરવી,
પરસ્ત્રી સાથે સંગ ન કરવી. ૭૪
આગને એઠું પાણી ન છાટવું જાણી,
લીલું ઝાડ ન ભાંગવું પ્રાણી. ૭૫
પ્રભાતે ફૂલ ચૂંટવાના છે બહુ દોષ,
પાણી પથ્થર પૂજે નહિ પામો મોક્ષ. ૭૬
અવાચક પ્રાણીની આલ ન કરવી,
ભોજન છાંડી બેસ ઊઠ ન કરવી. ૭૭
એઠું પશુને ન આપવું પ્રાણી,
એબ કોઈની ન ઉઘાડવી જાણી. ૭૮
ભાંજગડ કોઈની કરવી નહી,
ગોરનાં વચન ન લોપવાં સહી. ૭૯
શિખામણ પૂછે તેને સારી દીજે,
લઇ તસ્બી હરિનું સ્મરણ કીજે. ૮૦
પીઓ અમીરસ બ્રહ્માજી મલિયા,
ઋષિવર પાળો સોએ ક્રિયા. ૮૧
નવા ધર્મીને ધર્મ અપાવો જોઈ,
સો ક્રિયાની પહેરાવો જનોઈ ૮૨
થયા બ્રાહ્મણ બ્રહ્માજી મલીયા,
આવાગમનના ફેરા ટલિયા. ૮૩
ઋષિવર સાંભળો બ્રહ્મજ્ઞાન,
ગતમાં જઈ કરો ગંગસ્નાન. ૮૪
બ્રહ્મજ્ઞાન ગોરનરને ભાવે,
અણસઠ તિરથ ગુરૂચરણે આવે. ૮૫
પ્રત્યક્ષ ગોરનર ગતમાં બેઠા,
ભાગ્ય જેના સદ્‌ગોર જ્ઞાને દીઠા. ૮૬
જ્ઞાન દયાનમાં જુઓ વિચારી,
દુનિયામાહે દેવ ગુપત અવતારી. ૮૭
ઋષિવર તેજે રાખે જ્ઞાન,
નિર્મળ થઇને ધરવું દયાન. ૮૮
મુનિવર તેજે વારે મન,
કરે કસોટી કાયા રતન. ૮૯
ભણે ઈમામશાહ સુણો ગત સોહી,
ગતમાં બેસીને ઈમાન રાખો સબ કોઈ.૯૦
જે સદ્‌ગોર આદ્ય તપસી કહેલાએ,
સો ઈમામ જાંબુદ્વીપમાં આયે. ૯૧
ગોરનર જાંબુદ્વીપે આવ્યા સહી,

મુનિવર આરાધો એકમના થઇ ૯૨
ગોરનરે જાંબુદ્વીપે પૂર્યો વાસ,
તમે રાખો અમરાપુરની આશ. ૯૩
વાંચા પાળો આચરો બ્રહ્મજ્ઞાન,
રહો ઋષિવર એકે દયાન. ૯૪
જે રૂપે ગોરનર હોએ સહી,
તે રૂપે જાપ જપાવો મુનિવર ભાઈ .૯૫
નીચા નમી નમી કરો પ્રણામ,
ગોરનરે જાંબુદ્વીપે કર્યો મુકામ. ૯૬
જો પૂરા પ્રેમસું ધર્મે ધાઓ,
તો ઋષિવર અમરાપુરમાં જાઓ. ૯૭
અમ્મરભેદે અમરાપુરી લેશો,
ઋષિવર અમ્મરગઢમાં રહેશો. ૯૮
અમ્મર ફળનાં ભોજન કરશો,
અન્નત કલફની આવરદા ભાગવશો. ૯૯
ઋષિવર એક મને ગોરની વાંચા પાળો,
બોલ્યા ઈમામશાહ અમરાપુર માલો. ૧૦૦

ઘોળ (શાસ્ત્ર) – ૧

જીરે વૈકુઠનાં નાથ પધારીયા,
સદ્ગોર બ્રહ્માજી આવ્યા છે આજ પવિત્ર કીધાં આંગણા.
હરિને સતને સમાણાં કીજે બેસણાં,
પહેલાં અવિચળ રાખો ઈમાન પવિત્ર કીધાં આંગણા.
જીરે સતદ ત ભેળાં કરી દીજીએ,
ખમ્યા સરીખાં નહિ કોઈ દાન પવિત્ર કીધાં આંગણા.
જીરે દશોદ શુકિત દીજીએ,
પછી જપીએ અજંપાના જાપ પવિત્ર કીધાં આંગણા.
જીરે પશ્ચિમ થકી રે અલી આવશે,
મેળો હોશે જાંબુદ્વિપ મોજાર પવિત્ર કીધાં આંગણા.
જીરે નર નિષ્કલંકી જયારે ચડશે,
તેમનાં ઈમામ મહેદી ધરાવશે નામ પવિત્ર કીધાં આંગણા.
જીરે આલ ઈમામ ઘરે આવીયા,
તેનાં નર મહંમદશાહ છે રે નામ પવિત્ર કીધાં આંગણા.
જીરે સોળ કળા રે તેમની શોભતી,
તેઓના મુખ ઉપર જળકે છે નુર પવિત્ર કીધાં આંગણા.
જીરે આલ ઈમામગોરની સેવીએ,
તેમને શોધીને પડીએ રે પાય પવિત્ર કીધાં આંગણા.
જીરે આલ ઈમામગોરની પૂજીએ,
તેઓના પ્રગટ પૂજીએ પાય પવિત્ર કીધાં આંગણા.
જીરે અનંત કરોડી વર લાબીયા,
નર અસ્લામશાહની વાર પવિત્ર કીધાં આંગણા.
જીરે અનંત કરાડી વર લાવીયા,
તેનાં હસન કબીરદીન નામ પવિત્ર કીધાં આંગણા.

જીરે થાળ ભર્યો સગ મોતીએ,
ચાલો વધાવો નકલંકી રે નાથ પવિત્ર કીધાં આંગણા.
જીરે સીતા કુંતા સતી દ્રોપતી,
ચોથા તેડાવો હરિચંદ નાર પવિત્ર કીધાં આંગણા.
જીરે કમળા કુંવર શીર છતર ઢળે,
સતી સુરજારાણી લાવો લેશ પવિત્ર કીધાં આંગણા.
જીરે એમ બોલ્યા ગોર ઇંદ્ર ઈમામશાહ,
આખર વેળાના બોલ્યા છે ઘોળ પવિત્ર કીધાં આંગણા.

ઘોળ (શાસ્ત્ર) – ૨

જીરે આદ ઉનાદના નાથ રે,
સ્વામી તમે છો કિરતાર – આગમ લાગી પ્રિતડી
જીરે ભરતખંડ જાંબુદ્વિપ માહેરે,
હરિનું નકલંકી છે દશમું રે રૂપ– આગમ લાગી પ્રિતડી
જીરે સદ્ગોર કેરા રે હાટમાં,
મળી જ્ઞાન સબંધ કેરી જડ– આગમ લાગી પ્રિતડી
જીરે જ્ઞાન દીપક સંભારીએ,
સદગોર બતાવે અમર ભેદ– આગમ લાગી પ્રિતડી
જીરે અરસ પરસ ગુરૂ ગમ જડી,
તારા પાપ તે પરલે રે જાય– આગમ લાગી પ્રિતડી
જીરે પાંચ તત્વની રચના બની,
ત્યારે ત્રણ ભુવન કીધા પ્રકાશ– આગમ લાગી પ્રિતડી
જીરે પાંચ હિરસને વાળીએ,
તેનાં રૂપ છે સહસ્ત્ર પચાસ– આગમ લાગી પ્રિતડી
જીરે નાંભી કમળથી ઉપજે,
ત્યાંતો ગેબી ગર્જનાઓ થાય– આગમ લાગી પ્રિતડી
જીરે સુન શિખરમાં સુરતા ધરો,
ત્યાંતો થાએ છે અજંપા જાપ– આગમ લાગી પ્રિતડી
જીરે ઈંગળા પિંગળા પિયુના સંગમાં,
ત્યાંતો સુખમના વહે છે અતિસાર– આગમ લાગી પ્રિતડી
જીરે અનંતવાજાં રે ગડગડે,
ત્યાંતો વર્તાએ જય જય કાર – આગમ લાગી પ્રિતડી
જીરે બંક તે નાળના ઘાટમાં,
ત્યાંતો અનહદ થાય પ્રકાશ – આગમ લાગી પ્રિતડી
જીરે તે ઘરથી અમી ઉતરે,
ત્યાંતો પીવે તે વીરલારે કોઈ - આગમ લાગી પ્રિતડી
જીરે નુરત સુરતની જુગતાઈ ઘણી,
પરિબ્રહ્મ છે પોતાની પાસ - આગમ લાગી પ્રિતડી
જીરે અખંડ જયોતિ ત્યાંતો જળહળે,
એતો અલખ પુરૂષ કેરે મુલ - આગમ લાગી પ્રિતડી
જીરે અલખ નિરંજનને સેવીએ,
ત્યારે જન્મ મરણનો ભય જાય - આગમ લાગી પ્રિતડી
જીરે ગાય શીખે સુણે સાંભળે,
તેને હોજો ઈમામશાહની છાંય - આગમ લાગી પ્રિતડી

ધોળ (શાસ્ત્ર) – ૩

જીરે નકલંકી નવશાને કાજ,
માંડવડો હરિનો હસી રે હસી રે,
જીરે તેડો તેડો સતીયોનો સાથ,
માંડવડે ભલો રંગ રહેશે,
જીરે તોરણ બંધાવો હરિને દ્વાર,
સોહાગણ આવે શોભતા.
જીરે સંતોની શરણાઈનો નાદ,
ભૂંગળો વાગે ભાવના.
જીરે ઢોલ વાગે ધમધમકાર,
વાજીંત્ર વાગે પ્રેમના.
જીરે ચોરી ચિતરાવો હરિને દ્વાર,
ભિતો રે ભલી ચિતરી.
જીરે જુગ કરતાં યુગ ચાર,
ચોરાસી વઈ ગઈ ચોકડી.
જીરે આવશે એરાકખંડથી જાન,
તે જાંબુ દ્વિપે પરણશે.
જીરે મોટા ઋિષિવર સંગ સાથ,
પ્રહલાદ વિના નહિ ચાલશે.
જીરે ભલા ભલા જાનૈયા સૌ સાથ,
હ્રહાદનને મેળો મળશે.
જીરે પામ્યા પામ્યા હરિના દરસન,
સાહેબ શું કરવી ગાઠડી.
જીરે નકલંકી નવશા છે બાળ,
ચડશે રે ઘોડે હંશલે,
જીરે નકલંકી દશમો અવતાર,
તે દહીત કાલીગાને મારશે.
જીરે બોલ્યા ધોળ ગોર ઈમામશાહ.
સહિયારા મુનિવર ફળ લેશે.

ધોળ (શાસ્ત્ર) – ૪
(નકલંકીના વિવાહ)

જીરે કનક કચોલાં શીર ધોળિયાં,
છાંટણાં છંટાવો આરબ દેશ મોજાર વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે નકલંકી નવશાને નોતર્યા.
ગોરે ફેરવ્યા મુલક ચોવીસ વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે આજ મારા હૈયામાં હોશ ઘણી,
બાવા અમને ઉપજયો આનંદ વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે સુવર્ણ થાળ સતીએ ધર્યો.
લાવી મેલ્યો છે બાજઠ મોજાર વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે માણેક મોતીના થાળ ભરાવજો.
જોવાજૈયે ચૌદ ભુવનના નાથ વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે શ્રીફળનાં તોરણ બંધાવીએ.

સૌ સતિયો મળીને મંગળ ગાય વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે બ્રહ્માજીના બેટા તમને વિનવું
વહેલા લઈ આવો તમેરે વેદ વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે વાજીંત્ર ત્યાં વાગે અતિ ઘણાં.
ઢોલ વાગે છે ઘમઘમ કાર વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે સૌ સૈન્ય આવ્યાં ત્યાં શોભતાં.
જાહેર વેદ ભણાવશે જાનમાંહ વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે વસમા કુમારી વિનંતી કરે.
કંથજી તમે સાંભળો સૌ કાન વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે બહુરંગી બાજઠીયા ચિતરાવજો.
બેસો બેસો વહાલા વરરાય વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે માંડવ બંધાવો મુંજને મન ગમતા.
વરવું છે સુરા નરની સાથ વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે માંડવ બંધાવો ચંપા કેવડે.
કસ્તુરીની ભરાવશો ભીત વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે ત્રિભોવન આવી પાટે બેસસે.
ગોર બ્રહ્માજી ભણશે વેદ વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે મસ્તક મુગટ હરિના હિરે જડયા.
હરિને કુંડળ જળકે છે કાંન વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે વર કન્યા પુરાં રે પરણાવીયા.
પરણયા પરણયા દેવ મોરાર વિવાહ તે આવ્યો ઢુંકડો.
જીરે ગોર બ્રહ્માજી એ ઘોળ બોલ્યા.
બોલ્યા બોલ્યા છે અમૃત નુર વિવાહ તે આવ્યો ઢુંકડો.

ઘોળ (શાસ્ત્ર) – ૪

ભાઈ ગફલતે ના સુવો મુનિવરો,
જે નિંદ્રાએ સુતા અઘોર.
સતનો માલ સર્વે ખોઈ રહ્યા.
તેને લૂંટી જાશે માયલા ચોર
ભાઈ માંહેથી માલ સર્વે લૂટીયા.
અને ખાલી થયાં રે શહેર.
જે સત જોઈએ તે આગળ નહી મળે.
તેની અહીયાથી કરજો રે પેર,
ભાઈ જાગો જાગો રે તમે સતસું,
અને રૂદીયામાં થાવ રે હુશિયાર.
જયારે આપણો સાહેબ હિસાબ માગશે.
ત્યારે કેમ કરી દઈશું જવાબ.
ભાઈ ચિતમાં ચેતીને ફિકર આણજો.
મૃગ ચરે હરિયાં ખેત,
જયારે લાભ જશે ને ખોટ આવશે.
ત્યારે સતિયાનાં તૂટશે રે હેત
ભાઇ ધરમની ખેતી કીજીએ.
તમને કહુ છું સઘળો મરમ.
સતગોરનાં ફર્માવ્યાં આપણે કીજીએ.
તો રહેશે રે આપણો ધરમ.

ભાઈ સતની વાડી વાવીએ.
માંહે દશોદ બીજ રે હોય.
ઉપર જીકર ફિકરનાં પાણી સિંચીએ.
તો સબ કુછ નિપજ હોય.
ભાઈ પેલી ઓતમ ક્રિયા કીજીએ.
મુખ રૂદીએથી સાચું બોલ.
બીજી ક્રિયાએ હરીનું નામ લીજીએ.
તો દુઃખ ભાંગે સઘળાં તેહ.
ભાઈ ત્રીજી ક્રિયાએ મન વશ રાખીએ.
પૂજીએ ઘટને રે પાટ
ગોરનરનાં ચરણ ધોઈ પીજીએ.
તો ચોથી ક્રિયા સતપંથની વાટ
ભાઇ ત્રણ યુગતો તમે ભમી વલ્યાં
ચોથો કલિયુગ ઉતરવોરે પાર
કોલ દીધી વાચા પાળજો
આજ અથર્વવેદ પ્રમાણે સાર
ભાઈ તમે ધરો સબુરી સતની
અને મનમાંહે રાખજો રે ધીર
મહા સરોવર જલે ભરીયાં
તેની તૂટી પાળ વઇ જશે નીર.
ભાઈ ભણે ગોર ઈમામશાહ સાંભળો મુનિવરો.
તમે સતની કરજો રે વાત.
નામ લઈએ સાચા સાહેબનાં
તો ફીકર કરો દિવસ રાત.
પરનિંદા તે ઘર નિંદા થશે.
જો કરો અજાણી વાત.
નરકે જશે જીવ આપણા,
હોય ઈકોતેરશો સંગાથ.
જીભે જૂઠડા ન બોલીએ,
દિલભિંતર રાખીએ ઠામ,
દયા સરીખા કોઈ મિંત નહી,
અંતકાળે નારાયણ નામઃ

ગોર બ્રહ્માજીની આરતી

ગોર બ્રહ્માજીની આરતીને
ચમર ઢળાય,શાહોજીને છતર ઢળાય,
ચંદનને કેસરનાં સ્વામીજીને છાંટળા છંટાય.
પહેલા કર્તાયુગમાં સ્વામીજીને સોનાના છે ઘાટ..સ્વામીજીને સોનાના છે પાટ.
સોનાને સિંહાસન બેઠા શ્રી નરસિહ ભગવાન .. ગોર બ્રહ્માજીની...
બીજા ત્રેતાયુગમાં સ્વામીજીને રૂપાના છે ઘાટ..સ્વામીજીને રૂપાનાછે પાટ.
રૂપાને સિહાસન બેઠા શ્રી રામચંદ્ર ભગવાન...ગોર બ્રહ્માજીની...
ત્રીજા દ્રાપરયુગમાં સ્વામીજીને ત્રાંબાના છે ઘાટ.. સ્વામીજીને ત્રાંબાના છે પાટ.
ત્રાંબાને સિહાસન બેઠા શ્રી કૃષ્ણ ભગવાન.. ગોર બ્રહ્માજીની...
ચોથા કળિયુગમાં સ્વામીજીને માટીના છે ઘાટ સ્વામીજીને માટીના છે પાટ.
માટીને સિહાસન બેઠા શ્રી નિષ્કલંકી ભગવાન..ગોર બ્રહ્માજીની...
આરે આરતી બોલ્યા સદ્‌ગુરૂ બ્રહ્મા જાંબુદ્રીપમાં બેઠા શ્રી નિષ્કલંકી ભગવાન.
ગોર બ્રહ્માજીની આરતીને
ચમર ઢળાય,શાહોજીને છતર ઢળાય,
ચંદનને કેસરનાં સ્વામીજીને છાંટળા છંટાય.

VISIT ON THIS BLOG : FOR SATPANTH DHARM

http://satpanthdharm.blogspot.com/

www.scribd.com

group : SATPANTH DHARM (GUJARAT)

http://satpanthsanatan.blogspot.com/